# ઠોકરો - તેને હાવી થવા દેશો નહીં



આશિષ રાયચુર

મફત વિતરણ માટેજ
ઓલ પીપલ ચર્ચ અને વર્લ્ડ આઉટરીચ દ્વારા મુદ્રિત અને વિતરિત કરવામાં આવ્યું.
પ્રથમ આવૃતિ: ઓક્ટોબર ૨૦૦૫
સુધારેલી આવૃતિ: જાન્યુઆરી ૨૦૨૦
**ગુજરાતી ભાષાંતર : જુન 2021**

સંપર્ક:

All People Church & World Outreach,
# 319, 2nd Floor, 7th Main, HRBR layout, 2nd Block,
Kalyan Nagar, Bangalore – 560043, Karnataka, India.

Phone: +91-80-25452617
Email: bookrequest@apcwo.org
Website: **apcwo.org**

Unless otherwise indicated, all scripture, quotations are taken from the Holy Bible, New King James Version. Copyright © 1982 by Thomas Nelson, Inc., Used by permission. All Rights reserved.

Biblical definitions, Hebrew and Greek words and their meanings are drawn from the following resources:
Thayer's Greek Definitions. Published in 1886, 1889; public domain.
Strong's Hebrew and Greek Dictionaries, Strong's Exhaustive Concordance by James Strong, S.T.D., L.L.D. Published in 1890; public domain.
Vine's Complete Expository Dictionary of Old and New Testament Words, © 1984, 1996, Thomas Nelson, Inc., Nashville, TN.

નાણાકીય ભાગીદારી:
ઓલ પીપલ ચર્ચના સભ્યો, ભાગીદારો અને મિત્રોની નાણાકીય મદદ દ્વારા આ પ્રકાશનનું મફત વિતરણ શક્ય બન્યું છે. જો તમે આ પુસ્તક દ્વારાઆશીર્વાદિત થયા છો તો અમે આપને આ પુસ્તકનાં છાપકામ અને વિતરણ અર્થે નાણાકીય સહકાર માટે આંમત્રીત કરીએ છીએ. કૃપા કરી આ પુસ્તકનાં અંતિમ ભાગમાં આપેલ વેબ સાઇટ એડ્રેસ,**apcwo.org,**પર સંપર્ક કરી શકો છો. આભાર.

ટપાલ યાદી
ઓલ પીપલ્સ ચર્ચ દ્વારા પ્રકાશિત પુસ્તકો નિ:શુલ્ક મેળવવા માટે કૃપા કરી apcwo.org વેબસાઇટ પર સબસ્ક્રાઇબ કરવા આપને નમ્ર વિનંતી કરવામા આવે છે.

# ઠોકરો—તેને હાવી થવા દેશો નહીં

## અનુક્રમાણિકા

પરિચય ........................................ 1

1. જાળ બિછાવવી અને આડખીલીરૂપ બનવું ........................................ 2
2. ઠોકરો તો આવશે ........................................ 5
3. પસંદગી તમારી છે ........................................ 19
4. ઠોકર સામે પ્રત્યાઘાત ન આપશો ........................................ 26
5. પ્રેમ આપણને મુક્ત રાખે છે ........................................ 32

# પરિચય

જીવનમાં, આપણ દરેક ઠોકરરૂપી દુ:ખનો અનુભવ કરીએ છીએ. તમામ પ્રકારની હરકતો ઠોકરરૂપ બની શકે છે. ક્યારેક, ક્ષુલ્લક બાબત આપણાં માટે ઠોકરરૂપ બની શકે છે. આપણે દુખી થઈએ છીએ. ક્યારેક કોઈના અણગમતા શબ્દોથી આપણને ઠોકર લાગે છે. આપણને મળવા જોઈતા સન્માન કે બઢતી કે તક મળતા નથી ત્યારે આપણે ઠોકર ખાઈએ છીએ. આપણે એકવાર ઠોકરને આપણાં પર હાવી થવા દઈએ છીએ ત્યારે તે આપણાં અંતરમાં એક કરતાં વધુ રીતે અસરો ઉપજાવે છે જેની આપણે કલ્પના પણ કરી હોતી નથી. વ્યક્તિ અપરાધભાવને કારણે તદ્દન બુધ્ધિહીન અને ચરિત્રહીન રીતે વિચારે છે, બોલે છે અને વર્તન કરે છે. આજ બાબત જ્યારે મંડળીકીય જીવનમાં, પ્રભુના લોકો મધ્યે બને છે ત્યારે ખૂબ જ દુ:ખજનક બાબતો બને છે જેવી કે ચાડી ચૂગલી કરવી, નિંદા કરવી, લોકો એક મંડળી છોડી બીજી મંડળીમાં જોડાય છે, મંડળી તૂટે છે, આગેવાનો એકબીજાના વિરોધી બને છે, જે અંતે ખ્રિસ્તના શરીર, મંડળીને નબળી પાડે છે.અલબત્ત, જો આપણે જાણી લઈએ કે ઠોકરોનો સામનો કેવી રીતે કરવો, તો અત્રે વર્ણવેલી બાબતોને બનતી ટાળી શકીએ છીએ કે જેથી સ્થાનિક મંડળી અને ખ્રિસ્તનું શરીર વધુ મજબૂત બની શકે છે.

બાઇબલ આવી બની રહેલી સામાન્ય ઘટના સંબંધી શું કહે છે? ઠોકરરૂપ બાબતોનો આપણે કેવી રીતે પ્રતિભાવ આપવો જોઈએ? જ્યારે જ્યારે આપણે આવી ઠોકરોનો સામનો કરીએ છીએ અને જે નકારાત્મક બાબતો આપણી પર હાવી થાય છે ત્યારે આપણે કેવું વર્તન કરીએ છીએ? આશા રાખું છું કે આ નાની સરળ અભ્યાસપુસ્તિકામાં, આપણને એવા પ્રશ્નોનાં સરળ જવાબ મળી રહેશે અને જાણવા મળશે કે ઠોકરોથી સંપૂર્ણપણે મુક્ત કેવી રીતે થઇ શકાય?

હંમેશા આવનાર ઠોકરો ઉપર વિજયી બનીએ.

ઈશ્વર આશિષ આપો!
આશિષ રાયચુર

# 1. જાળ બિછાવવી અને આડખીલીરૂપ બનવું

કોઈકના કોઈ શબ્દો કે વર્તનથી આપણને દુખ થાય કે આપણે અપમાનિત થઈએ ત્યારે આપણે અપરાધભાવ અનુભવીએ છીએ. જ્યારે ઠોકરનો સામનો કરવાનો થાય ત્યારે અલગ અલગ વ્યક્તિઓના અલગ અલગ પ્રતિભાવો હોય છે. કેટલાક ગુસ્સે થાય છે તો બીજા વળતો પ્રહાર કરે છે. કેટલાક પીછેહઠ કરે છે, કેટલાક અંતર બનાવી લે છે. કેટલાક વળતા પ્રહારરૂપે બદનામી કરે છે, અસ્પષ્ટ ટિપ્પણી કરે છે કે તરહ તરહની જૂઠી વાતો ફેલાવે છે. આપણાંમાથી ઘણા બધાની સાથે એવું બન્યું હશે કે આવી જ કોઈક રીતે પ્રતિભાવ આપ્યો હશે. આપણને લાગે છે કે આવું કરવું એ આપણો હક્ક છે કારણ કે આપણી સાથે અપરાધ થયો છે. આપણે એવું વિચારીએ છીએ કે એક યા બીજી રીતે બદલો વાળવાથી આપણી પીડા ઓછી થાય છે。

અલબત્ત, આવો, આપણે ઠોકર સબંધી બાઇબલ આધારિત વિચારધારા મેળવવા પ્રયત્ન કરીએ. બની શકે કે આપણે કોઈ નવી બાબત શીખી શકીએ.

**માથ્થી 16:23**
**પણ તેને પાછા ફરીને પિત્તરને ખ્યું કે, અરે, શેતાન, મારી પછવાડે જ; તું મને ઠોકરરૂપ છે, કેમકે દેવની વાતો પર નહિ, પણ માણસની વાતો પર તું ચિત્ત લગાડે છે.**

“અપરાધ“ અથવા “ઠોકર” શબ્દ ગ્રીક ભાષામાં “સ્કાન્ડાલોન” વપરાયો છે જે બે બાબતો દર્શાવે છે:

1. જાળ(છટકું): છટકું કે જાળ લાકડીના સંદર્ભમાં છે જે છટકાની ચાવીસમાન છે. છટકાની લાકડીને અડક્તાની સાથે છટકું તમારી ઉપર આવી પડે છે અને તમે છટકામાં આબાદ ફસાઈ જાવ છો.

2. આડખીલી ઊભી કરવી (માર્ગ અવરોધવો): ઠોકર ખવડાવનાર પથ્થર. પથ્થરના સંદર્ભમાં છે જે કોઈ વ્યક્તિને રોકે છે અને ઠોકર ખવડાવે છે તથા પાડી દે છે. તેથી ઠોકર પણ એવી જ બાબત છે જે વ્યક્તિને છટકામાં ફસાવવા અને પછાડી દેવા માટે જ હોય છે.

ઠોકરનું અંતિમ પરિણામ એ છે કે જે તે વ્યક્તિને ભૂલ કરવા કે પાપ કરવા દોરવણી આપવી.

માથ્થી 16માં જે ઘટના છે તેમાં પિત્તર જાણે કે પ્રભુ ઇસુ માટે વધારે કાળજી રાખતો હોય અને તે બાબતે તે ઘણો આતુર હોય તેવું જણાય છે. અલબત્ત, ઇસુ આ બાબતને અલગ રીતે નિહાળે છે. ઇસુ નિહાળે છે કે તેઓ જે કરવા માંગતા હતા તેમાં શેતાન ઠોકરનું માધ્યમ હતો અને શેતાન ઠોકરરૂપ હતો, શેતાન ફાંસો અને અવરોધરૂપ પથ્થર બનવા માંગતો હતો.

ઠોકર અથવા આ પ્રકારનો અપરાધ એ વાસ્તવિક રીતે શેતાન શત્રુની મોટી ચાલ છે કે જેમાં તે જાળ બિચાવીને તથા માર્ગ અવરોધમાં આડખીલીરૂપ બનીને આપણને દેવના હેતુ પાર પાડવા અને આગળ ધપતા અટકાવવા કાર્યરત બને છે.

તમે જ્યારે બીજી વાર એવા અપરાધ કે ઠોકરનો ભોગ બનો ત્યારે, કોણે, અને શા માટે આ કાર્ય કર્યું છે તેના સંબંધી આધ્યાત્મિક રીતે વિચારવાનું બંધ કરો. આ કોઈ વ્યક્તિગત બાબત નથી. આ કોઈ પરિસ્થિતીથી બની રહ્યું નથી. ત્યાં કેટલીક એવી બાબતો છે કે જે સમતોલપણું જાળવવા માટે ગંભીરતાથી લટકી રહેલી હોય અને તે વ્યક્તિગત રીતે કર્યા કરતી અતિગંભીર બાબત હોય શકે છે. કોણે તમને ઠોકરરૂપ બનાવ્યા છે અથવા કેવા પ્રકારની પરિસ્થિતીમાં અપરાધભાવ અનુભવો છો. ઠોકર તો જાળરૂપ અને આડખીલીરૂપ છે. જો તમે તેનાથી પકડાઈ જાવ અથવા તેની જાળમાં ફસાઈ જાવ તો શેતાન તેની ચાલને આગળ ધપાવીને દેવના મનસૂબાને આગળ લઇ જવાની તમારી મુસાફરીમાં આડખીલીરૂપ થવાની તક જતી કરશે નહિ.

શું તમે શેતાનને તમારા જીવનમાં એવી તક આપવા માંગો છો? ચોક્કસપણે નહિ. ગમે તેમ, પણ, તમે એવા કોઈ પણ પ્રકારના સ્ત્રોતને, કે ઘટનાને તમારા માટે ઠોકરરૂપ થવા દેશો નહિ. તમારો એકજ પ્રતિભાવ હોવો જોઈએ કે જેમાં તમારા હ્રદયમાં આવી અપરાધભાવનાને વધવા દેશો નહિ. આવા પ્રકારના અપરાધભાવને તમારા હ્રદયમાં કોઈજ સ્થાન હોવું જોઈએ નહિ.

## પ્રતિબિંબ

1. વિચાર કરો કે નજીકના સમયગાળામાં તમે કોઈક રીતે ઠોકરરૂપ બન્યા છો? અથવા તમને બીજા દ્વારા ઠોકર ખાવાનો વારો આવ્યો છે!

ક. કઇ બાબતથી તમને ઠોકરરૂપ અથવા અપરાધરૂપ થવાનો અનુભવ થયો છે?

ખ. તમને કેવો અનુભવ થયો? તમને કેવી રીતે ખબર પડી કે તમારે ઠોકર ખાવી પડી છે?

ગ. તમે કેવો પ્રતિભાવ આપ્યો? આવી ઠોકર અથવા અપરાધનો તમે કેવી રીતે સામનો કર્યો?

ઘ. ભૂતકાળ તરફ દ્રષ્ટિ કરતા, શું તમને એ બાબતનો આનંદ છે કે તમે આવી પડેલ એવી ઠોકરો/ અપરાધ નો સામનો યોગ્ય રીતે કર્યો છે? શું તેમાં ઇસુનો મહિમા થયો? શું તમે બીજી કોઈ યોગ્ય રીતે તેનો પ્રતિભાવ આપી શકયા હોત?

ચ. શું તમને લાગે છે કે જે વ્યક્તિએ તમને ઠોકર ખવડાવી છે તેની સાથે તમારો સંબંધ પુનઃ સ્થાપન કરવો જોઈએ?

# 2. ઠોકરો તો આવશે

આ અધ્યાયમાં આપણે ત્રણ જુદા જુદા પ્રકારની ઠોકરો અથવા અપરાધો જે સમાન્ય રીતે આપણી સામે આવી પડે છે તે સંબંધી વાત કરીશું. આ એવા પ્રકારની ઠોકરો/અપરાધ છે જે ફક્ત સ્ત્રોતરૂપ નથી પરંતુ, તે સર્વ સમાન્ય છે.

- ઠોકરો જે જગતમાથી આવે છે.
- ઠોકરો જે જાહેરાત કર્યા સિવાય આવે છે.
- ઠોકરો જે સત્તાથી આવે છે.

આ સાથે આપણે એવા બીજા ત્રણ કારણોની ચર્ચા કરીશું કે શા માટે વિશ્વાસીઓને તેમના આત્મિક જીવનોમાં  ઠોકરો નો સામનો કરવો પડે છે. આ વિશેષ કરીને વિશ્વાસીઓ માટે છે.

- દેવ સાથે ઠોકર ખાવી
- ઇસુ ખ્રિસ્તના કારણે ઠોકર ખાવી
- વચન અને આત્મા ને કારણે ઠોકર ખાવી

આવો આપણે અહી એ ત્રણ ઠોકરો જે સર્વ સામાન્ય છે તેના માધ્યમ વિશે જોઇએ:

## ઠોકરો જે જગતમાથી આવે છે

**માથ્થી 18:6-7**
**6 પણ આ નાનાઓ જેઓ મારા પર વિશ્વાસ કરે છે, તેઓમાના એકને જે કોઈ ઠોકર ખવડાવશે તે કરતાં તેની કોટે ઘંટીનું પડ બંધાય, ને તે સમુદ્રના ઊંડાણમાં ડુબાડાય એ તેને માટે સારું છે;**
**7 ઠોકરોને લીધે જગતને અફસોસ છે! ઠોકરો આવવાની અગત્ય તો છે, પણ જે માણસથી ઠોકર આવે છે તેને અફસોસ છે!**

ગ્રીક ભાષામાં ઠોકરો માટે “SKANDALON”, એ શબ્દ નો ઉપયોગ થયો છે જેનો આપણે અગાઉ ના અધ્યાયમાં અભ્યાસ કર્યો છે. ઠોકરો વિષેનો એ શબ્દ અથવા વિષય જે માથ્થી 18માં

અધ્યાયની ૬ અને ૭ કલમમાં આપણે જોયું છે. જેમાં તેના(દેવ)ના "નાનામાં નાના" વ્યક્તિ (નિર્દોષ, નમ્ર) માટે આવે છે જેનાથી વિશ્વાસીઓ માટે જાણી બુજીને પાપ કરી બેસે છે.

**ત્રણ બાબતોની રૂપરેખા 7મી કલમમાં જોવા મળે છે:**

1. **જગત ઠોકરોથી ભરપૂર છે.**
2. **ઠોકરો તો આવશે જ.**
3. **ઠોકરોને લોકો દ્વારા મોકલવામાં આવશે.**

આ દુનિયા ઠોકરોથી ભરપૂર છે. તેથી ઇસુ કહે છે કે "જગતને અફસોસ, કે જેના દ્વારા ઠોકરો આવે છે." જેઓ ઇસુ પર વિશ્વાસ કરે છે તેઓ માટે આ જગત જાળો, પાંજરા અને આડખીલી ઊભી કરનારાઓથી ભરપૂર છે, એવા લોકો આતુર છે કે વિશ્વાસીઓ એવા કર્યો કરે, પાપ કરે અને વિશ્વાસથી પાછા હઠી જાય. હકીકતમાં જેમ જેમ અંત સમય નજીક આવતો જાય છે, પ્રભુ ઇસુ માથ્થી 24:10 માં ચેતવણી આપે છે કે "અને તે વેળાએ ઘણા ઠોકર ખાશે, ને એકબીજાને પરસ્વાધીન કરાવશે, ને એકબીજા પર વૈર રાખશે." આજ રીત છે જે જગત બનવા જઈ રહ્યું છે.

ઠોકરો આવશે જ. વિશ્વાસીઓ તરીકે આપણે આવનાર ઠોકરોથી અપમાનિત થતાં નથી. દુનિયા ઠોકરોથી ભરપૂર છે કે જેમાં આપણે વસવાટ કરીએ છીએ. આ જગત ઠોકરોને આપણાં તરફ આવવા દેશે. તેની જાળ બિછાવશે અને માર્ગ અવરોધવા આડખીલીરૂપ બની આપણી સામે ઊભું રહેશે. તેને માટે સજ્જ થઈએ. દુ:ખની બાબત તો એ છે કે ઘણી વાર ઠોકર વિશ્વાસીઓ દ્વારા પણ આવી શકે છે.

ઠોકરો લોકો દ્વારા ઊભી કરવામાં આવશે. જ્યારે ઇસુએ કહ્યું "કે જે માણસ દ્વારા ઠોકર આવે છે," તેઓ એવું જણાવવા માંગે છે કે લોકો જ ઠોકરો ને આવવા દે છે. આપણી આસપાસના લોકો એવું બોલશે કે કરશે કે જેથી આપણે ઠોકર ખાઈ બેસીએ.

ઇસુએ અગાઉથી જ જાહેર કરી દીધું છે કે જે વ્યક્તિના કારણે ઠોકર આવે છે તેને કેવું પરિણામ ભોગવવું પડે છે. તે વ્યક્તિ માટે અફસોસ, મુશ્કેલી અને અંધકારમય અંત. જો કોઈ વ્યક્તિ તમારા માટે જાળ બિછાવે અને અવરોધરૂપ બને અને ઈશ્વર વિરુધ્ધ તમને પાપ કરવા તરફ

દોરી જાય તો તમે પોતાની જાતને તે વ્યક્તિથી અલગ કરી દો અને ઈશ્વરને તેનું કાર્ય કરવા દો. તમારે તે વ્યક્તિ વિરુધ્ધ કઇ જ કરવાનું રહેતું નથી.

## ઠોકરો જે જાહેરાત કર્યા સિવાય આવે છે

**સભાશિક્ષક 7:21-22**
**21 વળી જે જે શબ્દો બોલવામાં આવે છે તે સર્વને લક્ષમાં ન લે; રખેને તું તારા ચાકરને તને શાપ દેતા સાંભળે;**
**22 કેમકે તારું પોતાનું અંત:કરણ જાણે છે કે તેં પણ વારંવાર બીજાઓને શાપ દીધા છે.**

ઘણીવાર, આપણે એવા લોકોથી ઠોકર ખાઈએ છીએ જેમનો ઇરાદો આપણને ઠોકર ખવડાવવાનો હોતો નથી. તેઓ એ બાબતોને મશ્કરીરૂપે કહેતા હોય અથવા બીન ઈરાદાપૂર્વક કરતા હોય, અને છતાં પણ તેમના શબ્દો કે કાર્યોથી આપણે ઠોકર ખાઈએ છીએ. આપણે શીખી લેવું પડશે કે આવી બાબતો આપણાં હૃદયમાં હાવી ન થવી જોઈએ. બીજા શબ્દોમાં, આવી બાબતોને સહજતાથી લેવી જોઈએ. જતું કરવાની ભાવના રાખવી જોઈએ. મોટો વિવાદ ઊભો ન કરવો જોઈએ. જેવી દયાની અપેક્ષા તમે રાખો છો તેવી દયા દાખવવી જોઈએ. આપણામાંના દરેકે, ક્યારેક જાણે અજાણે, એવું બોલ્યા હોઈએ કે કોઈ કાર્ય કર્યું હોય જેના થકી કોઈકને ઠોકર પહોચી હોય.

## ઠોકરો જે સત્તાથી આવે છે

**1 પિત્તર 2:18-21**
**18 ચાકરો, તમે પૂરું ભય રાખીને તમારા શેઠોને આધીન થાઓ; કેવળ જેઓ ભલા તથા માયાળું છે તેઓને જ નહીં, પણ વળી જેઓ કડક છે તેમણે પણ આધીન થાઓ.**
**19 કેમકે જો કોઈ માણસ દેવ તરફના ભક્તિભાવને લીધે અન્યાય વેઠીને દુ:ખ સહે છે, તો તે [દેવની નજરમાં] પ્રશંસાપાત્ર છે.**
**20 કેમકે જ્યારે પાપ કરવાને લીધે તમે માર ખાઓ છો ત્યારે જો સહન કરો છો, તો તેમાં પ્રશંસાપાત્ર શું છે? પણ સારું કરવાને લોધે જ્યારે તમે દુ:ખ ભોગવો છો, ત્યારે જો તે સહન કરો છો, તો તે દેવની નજરમાં પ્રસંશપાત્ર છે.**
**21 કારણકે એને માટે તમને તેડવામાં આવ્યા છે, કેમકે ખ્રિસ્તે પણ તમારે માટે સહન કર્યું, અને તમે તેને પગલે ચાલો, માટે તેણે તમોને નમૂનો આપ્યો છે:**

1 પિત્તર 2 જા અધ્યાયમાં 13મી કલમની આગળ પિત્તર વિશ્વાસીઓને સૂચના આપે છે કે સત્તાધીશોને આધીન રહેવું જોઈએ. આજે અહિ જે વિષયની વાત છે તે નવા કરારના સમયની છે જે કદાચ સાંપ્રત સમયમાં યોગ્ય ન લાગે પરંતુ સત્ય તો સત્ય રહેવાનુ છે. જે રીતે કર્મચારીઓ તેમના કામના સ્થળોએ પોતાના ઉપલા આધિકારીઓને આધીન હોય છે. દેશના નાગરિકો તરીકે આપણે સરકારને આધીન છીએ. પરિવારના સભ્ય તરીકે આપણે ઘરના મોભી(મુખ્ય આગેવાન)ને આધીન છીએ.

આપણે સારું કાર્ય કરતાં હોવા છત્તા આપણાં ઉપલા આધિકારીઓ આપણને હેરાન પરેશાન કરે, ખોટી રીતે સતાવે, ત્યારે આપણે કેવો પ્રતિભાવ આપવો જોઈએ? સાંપ્રત સમયમાં, આપણાં ઉપલા અધિકારી આપણી સાથે અયોગ્ય રીતે વર્તન કરે, પક્ષપાત કરે, આપણાં ઉમદા કાર્યને નજર અંદાજ કરે, ઈરાદાપૂર્વક આપણાં લાભો રોકી રાખે તેવી સ્થિતિમાં આપણે શું કરવું જોઈએ? પિત્તર પાસે તેનો જવાબ છે:

- આધિન રહો
- દુ:ખ સહન કરો
- ધીરજથી રાહ જુઓ

ફક્ત ઈશ્વરની કૃપા જ એમ કરવા આપણી મદદ કરી શકે છે. જેમ ઇસુ ખ્રિસ્તે કર્યું તેમ, આપણે પવિત્ર આત્માથી ભરપૂર થઈને જ તે કામ કરી શકીશું. આપણે તેવી બાબતોને તેમના દ્રષ્ટિકોણથી જોવા પ્રયત્ન કરીએ. આપણે ક્યારેક એ મોટું ચિત્ર જોવાનું ચૂકી જઈએ છીએ કે જે આગેવાનો કે ઉપરી આધિકારીઓ જોવા માંગે છે. ઉપલા અધિકારીઓ દબાણ હેઠળ હોય છે તે બાબતને આપણે સમજવાની જરૂર છે.

વારંવાર અન્યાય થઇ રહયો હોય અને આપણું કલ્યાણ જોખમમાં લાગે તો આપણે સલામત સ્થળે ખસી જ્વું જોઈએ. આધુનિક સમયમાં આપણી જાતને સુરક્ષિત અને સલામત રીતે અન્યત્ર ખસી જવા માટે કે અન્ય નોકરી માટે તકો છે. જ્યારે નવા કરારના જમાનામાં ચાકરોને નોકરી બદલવાની કે શેઠ બદલવાની તક ન હતી જે દૂ:ખદ બાબત હતી. પ્રવર્તમાન સમયમાં એવી તકો રહેલી છે, કે જો આપણે અન્યાયનો સામનો કરી રહ્યા હોઈએ તો તે સંદર્ભમાં ઉપલા આધિકારી સાથે સાથે વિચાર વિમર્સ કરી શકીએ છીએ કે તે સંબંધી કાયદેસર કે નૈતિક ધોરણે સ્વીકાર્ય બની શકે તેવા માર્ગો દ્વારા રજૂઆત કરી શકીએ છીએ.

સમગ્રતય, મહત્વની વાત એ છે આપણે આપણાં હૃદયને સત્તાધીશો પ્રત્યે ઠોકરમુક્ત રાખીએ. ઠોકરો તો આવશે જ. જેઓ સત્તામાં છે તેઓ તરફથી ઠોકરો આવશે. પણ નવા કરારનું શિક્ષણ આપણને તેઓ પ્રત્યે ઠોકર ખાવા અંગે પરવાનગી આપતું નથી.

તમારા આત્મિક આગેવાન, જેવા કે સ્થાનિક પાળક કે મંડળી, દ્વારા તમને ઠોકર આપવામાં આવે તો શું થયું? કદાચ, તેમણે જે નિર્ણય કર્યો છે તે તમને અસ્વીકાર્ય જ હોય કે સમજમાં ન આવે. કદાચ, એવું બને કે તમે જે સેવાની આગેવાની માટે આતુરતાથી રાહ જોઈ રહયા હોય તે કોઇ અન્ય વ્યક્તિને સોપવામા આવે. કદાચ, એવું બને કે તમે લાંબા વર્ષોથી જે કાર્યની જવાબદારી વિશ્વાસુપણે નિભાવી રહ્યા હો તેની નેતાગીરી કે આગેવાની એવી કોઈ વ્યક્તિને સોંપી દેવામાં આવે કે જેને એ સેવા કે કાર્યક્ષેત્રનો જરાપણ અનુભવ ન હોય અને તમારી આવડતને નજર અંદાજ કરવામાં આવે. એવા કેટલા બધા સંજોગો અને પ્રસંગો આપણી મંડળીના વર્તુળમાં બની શકે છે જેમાં તમને અનેકવાર ઠોકરો ખાવી પડી હોય. ત્યારે આપણે શું કર્વુ જોઈએ? અહી, પિત્તર આ બાબતો આગેવાનો સંબંધી જણાવે છે. જેનું લાગુકરણ કરી શકાય. આધીન થાઓ. દુ:ખ સહન કરતાં શીખો. ધીરજથી રાહ જુઓ. શક્ય બને ત્યાં કાળજી પૂર્વક, સન્માન પૂર્વક તથા સ્વીકાર્ય બને તે રીતે તમારા વિચારોની મુક્તપણે આપ-લે કરો. અને તેમ છતાં તમને ત્યાં જોખમ લાગે, તમને દબાવવામાં આવે છે કે ઇજા થવાના ભયસ્થાનો દેખાઈ છે તો તમે ત્યાંથી સાવચેતીપૂર્વક બીજા સ્થળે ખસી જઈ શકો છો! આવું જ્યારે અને જ્યાં બને ત્યાં કોઈને માટે ઠોકરરૂપ ન બનતા.

હવે, આવો, આપણે ત્રણ બાબતો કે કારણો સંબંધી વિચાર કરીએ કે શા માટે વિશ્વાસીઓને તેમના આધ્યાત્મિક જીવનમાં આવી ઠોકરોનો સામનો કરવો પડે છે?

## દેવ સાથે ઠોકર

ઉત્પતિ 4:3-7

**3 અને આગળ જતા એમ થયું કે, કાઈન યહોવાને સારું ભૂમિના ફળમાંથી કઇ અર્પણ લાવ્યો.**

**4 અને હાબેલ પણ પોતાના ઘેટાબકરામાંના પહેલા જન્મેલા તથા પૃષ્ટ લાવ્યો. અને યહોવાએ હાબેલને તથા તેના અર્પણને માન્ય કર્યાં.**

**5 પણ કાઇનને તથા તેના અર્પણને માન્ય કર્યાં નહીં. માટે કાઈનને બહુ રોષ ચઢ્યો, ને તેનું મો ઉતરી ગયું.**

**6 અને યહોવાને કાઇનને કહયુ કે, તને કેમ રોષ ચઢ્યો છે? અને તારું મો કેમ ઊતરી ગયું છે?**

**7 જો તું સારૂં કરે, તો તું માન્ય નહીં થશે શું? પણ જો સારૂં ન કરે, તો પાપ તારે દ્વારે સંતાઈ રહે છે; અને તારી તરફ તેની ઈચ્છા થશે, ને તે પર તું ધણીપણું કરશે.**

કાઇન રોષે ભરાયો અને તેનો ચેહરો ઉદાસ થઇ ગયો. નિરાશામાં ગરકાવ થઈ ગયો. તેના મોઢા પર ભવા ચઢી ગયા. તે જાણે દેવથી ઠોકરરૂપ બન્યો હોય. કાઇનની આંખોમાં દેવનો પક્ષપાત, અન્યાય દેખાયો. પરંતુ ઈશ્વર ન્યાયી હતા. હાબેલને જેવી તક મળી તેવી જ તક કાઇન પણ પ્રાપ્ત કરી શકે તેમ હતો. તેને સારું કરવાની તક હતી અને ઈશ્વરને પસંદ પડે તેવું તથા માન્ય થાય તેવું અર્પણ કરી શકે તેમ હતો. પરંતુ કાઇન ઇચ્છતો હતો કે દેવ તેના પક્ષમા કાર્ય કરે. એ તેનું અભિમાન હતું.

કાઇન દેવથી ઠોકરરૂપ બન્યો હતો અને છતાં દેવની પાસે પાછો ફરવા માંગતો નહોતો અને જે રીતે ઈશ્વર તેને પોતા તરફ લાવવા માંગતા હોય તેવા દેવને તે સમજી શક્યો નહોતો. કાઇન માટે આ પ્રકારના અભિમાન તથા ઠોકર તેને પાપ તરફ દોરી જવા રાહ જોઈ રહ્યાં હતા. દેવ એવું ઇચ્છતા હતા કે જે સારું છે તે કરવા કાઇન તેમના તરફ પાછો ફરે અને પાપ કરવાથી બચે.

ઘણીવાર વિશ્વાસીઓને દેવ સાથે ઠોકર ખાવાની નોબત આવે છે. તમામ પ્રકારની જીવનની પરિસ્થિતીઓ  એવો વળાંક લે છે જેમાં તેઓ એવું ધારી લે છે કે દેવ તેમના તરફ પક્ષપાતી અને અન્યાયી છે. તેઓ એવું માને છે કે ઈશ્વર તરફથી તેમણે વધુ સારું મળવું જોઈએ. તેઓ સમજી શકતા નથી કે શા માટે અન્યોને આશીર્વાદ મળ્યો, અથવા અન્યોને શા માટે સારું પ્રાપ્ત થયું. તેઓની ઈચ્છા એવી છે કે ઈશ્વર તેમની તરફેણમાં જ સારું કરે. આ તો આત્મિક અભિમાન છે. આ એવું અભિમાન છે કે જે આપણને ઈશ્વર સાથે ઠોકરરૂપ બનાવે છે. આવા પ્રકારના સ્તર પર આપણે જોખમ ઉઠાવી રહયા છીએ. જ્યાં આપણે જાણેકે ઈશ્વરથી શિક્ષા ભોગવી રહયા હોય તેવું લાગે, અને ત્યાં જ પાપ આપણાં પર હાવી થવા રાહ જોઈ રહયુ હોય છે. આ પ્રકારની ઠોકર એક એવો માર્ગ શોધી રહી છે કે જેમાં શેતાનને પરવાનગી મળી જાય છે અને એક વિશ્વાસીના જીવનની નાજુક બાબત પર નિયંત્રણ કરી લે છે.

પસ્તાવો કરવો એક માત્ર ઉપાય છે. દેવની સમક્ષ જવાની જરૂર છે અને એકરાર કરવાનો છે કે દેવ હંમેશા ભલા જ છે, ન્યાયી અને ઉત્તમ છે. તે તો આપણી જ ગેરસમજ છે કે દેવ કેવા છે, એ તો આપણું જ અભિમાન છે કે આપણી મરજી મુજબની બાબતો બને.

## જ્યારે પ્રબોધકે માન્યું કે નમી જવું પડશે

**મથ્થી 11:2-6**
**2 હવે યોહાને કેદખાનામાં ખ્રિસ્તના કામ સંબંધી સાંભળીને પોતાના શિષ્યોને મોકલીને તેને પુછાવ્યું કે,**
**3 આવનાર તે તુજ છે કે, અમે બીજાની રાહ જોઈએ?**
**4 ત્યારે ઇસુએ તેઓને ઉત્તર દીધો કે, તમે જે જે સાંભળો છો ને જુઓ છો, તે જઇને યોહાનને કહી દેખાડો,**
**5 કે, આંધળા દેખતા થાય છે, ને પાંગળા ચાલતા થાય છે, રક્તપિત્તીઓ શુધ્ધ કરાય છે, ને બહેરા સાંભળતા થાય છે, મુએલા ઊઠાડાય છે, ને દરિદ્રીઓને સુવાર્તા પ્રગટ કરાય છે.**
**6 અને જે કોઈ મારા સંબંધી ઠોકર નહીં ખાય તેને ધન્ય છે.**

આ ચિત્રની કલ્પના કરો. યોહાન બાપ્તિષ્ટ એક એવી વ્યક્તિ હતી કે જે ઇસુને દૈવી દ્રષ્ટિથી ઓળખી લે છે, ઇસુને જગત સમક્ષ રજૂ કરે છે. યોહાન એક એવી વ્યક્તિ છે જે ઇસુ વિષે કહે છે કે, "જુઓ દેવનું હલવાન કે જે જગતના પાપ હરણ કરે છે" યોહાન જ ઇસુને પવિત્ર આત્માથી બાપ્તિસમાં આપનાર તરીકે પ્રગટ કરે છે. હવે, અહી યોહાનને કેદખાનામાં નાખવામાં આવે છે, બીજી તરફ ઇસુ પોતાની સેવામાં આગળ ધપી રહયા છે. પણ ઇસુ યોહાનને કેદખાનામાંથી છોડાવવા કોઈ પ્રયાસ કરતાં નથી. કલ્પના કરો, યોહાનના મગજ માં કેવા કેવા વિચારો આવ્યા હશે! "જો ઇસુ ખરેખર મસીહા છે? તો કોઈ પણ પ્રકારની શંકા વગર ઇસુ મને આ કેદખાનામથી છોડવી લેશે. પરંતુ આ માણસ તો મારા માટે કશુ જ કરતો નથી. શું ખરેખર તે મસીહા છે? આથી જ, યોહાને પોતાના શિષ્યોને મોકલીને આ સંબંધી શોધખોળ કરી. ઇસુ ત્યાં યોહાનને પ્રત્યુત્તરમાં જણાવે છે કે આ વાતોથી તું ઠોકર ખાતો નહી. આ વિષયને તેના વિશાળ સ્વરૂપમાં જોવામાં આવે તો, ઇસુ, ખરેખર, એવું કરી રહયા હતા, "યોહાન, મને ખબર છે કે તું કેદખાનામાં ભાંગી પડ્યો છે. પણ તારા હૃદયને ઠોકર ખાવા દેતો નહિ."

જ્યારે આપણને એવું લાગે કે ઈશ્વર આપણને ખાડામાં નાખી રહયા છે, ત્યારે યાદ રાખો કે દેવ કોઈને પણ ખાડામાં ક્યારેય પડવા દેતો નથી કે પાડશે નહિ. અને તેથી આપણામાંના કોઈના પણ હ્રદયમાં આવી ઠોકર આવવી જોઈએ નહિ. તેમને [દેવ]ને ખબર છે કે દરેક પરિસ્તિથીમાં તેમણે શું કરવાનું છે.

# ઇસુ ખ્રિસ્તને કારણે ઠોકરો લાગે છે: ઠોકરોનો પથ્થર

યશાયા પ્રબોધક ઈસુ વિષે ભવિષ્યવાણી કરતાં જણાવે છે કે તે ઠેસનો પથ્થર છે અને ઠોકરોનો ખડક છે.

**યશાયા 8:13-15**
**13 સૈન્યોના દેવ યહોવાને પવિત્ર માનો; અને તેનાથી બીઓ તથા તેનાથી ડરો.**
**14 એટલે તે તમારું પવિત્રસ્થાન થશે; પરંતુ ઇસ્રાયેલના બને કુળને માટે તે ઠેસ ખવડાવનાર પથ્થર તથા ઠોકર ખવડાવનાર પહાણો થશે. યરૂશાલેમના રહેવાસીઓ માટે તે પાશરૂપ તથા ફાંદારૂપ થઈ પડશે.**
**15 તેઓમાના ઘણા તેથી ઠોકર ખાઇને પડશે, ને છિન્નભિન્ન થઇ જશે, ને સપડાઇને પકડાશે.**

**યશાયા 28:16**
**તે માટે પ્રભુ યહોવા કહે છે કે, જુઓ, સીઓનમાં હું પાયાનો પથ્થર મૂકું છું, તે ક્સી જોયેલો પથ્થર, દ્રઢ પાયાનો ખૂણાનો મૂલ્યવાન પથ્થર છે; જે વિશ્વાસ રાખે છે તે ઉતાવળો થશે નહિ.**

ખુબજ રસપ્રદ, બંને પ્રેરીતો પાઉલ રોમનોને લખેલા પત્રમાં અને પિત્તર, 1 લા પત્રમાં યશાયાની પ્રભુ ઇસુ અંગેની ભવિષ્યવાણીને ટાંકે છે.

જ્યારે પૃથ્વી પર ઇસુનું પ્રથમ આગમન થયું ત્યારે યહુદી લોકોએ તેમનો તિરસ્કાર કર્યો કારણ કે ઇસુ તેઓની ધારણા મુજબના મસીહા ન હતા. પ્રેરિત પાઉલ યશાયાની પૂર્ણ થઈ ગયેલી આ ભવિષ્યવાણીને રોમનોના પત્ર 9:30-33 માં લખે છે. ન્યાયી વિશ્વાસથી જીવશે. એ વાત જ્યારે ઇસુએ કહી ત્યારે ઇસ્રાઇલ લોકો આ વાતને પચાવી શક્યા નહિ અને વાતનો અસ્વીકાર કર્યો. બલ્કે તેઓ નિયમશસ્ત્ર પ્રમાણે ન્યાયપણું સ્થાપિત કરવા માંગતા હતા.

## અહિયાં પ્રેરિત પિત્તર જે વાત લખે છે તે જોઇએ

**1 પિત્તર 2:6-8**
**6 કારણકે શસ્ત્રમાં લખ્યું છે કે "જુઓ, પસંદ કરેલો તથા મૂલ્યવાન એવો ખૂણાનો પથ્થર હું સિયોનમાં મૂકું છે. જે તેના પર વિશ્વાસ કરે છે તે શરમાશે નહિ.**
**7 માટે તમો વિશ્વાસ કરનારાઓને સારૂ તે મૂલ્યવાન છે; પણ અવિશ્વાસીઓને સારૂ તો જે પથ્થરને બાંધનારાઓએ નકાર્યો હતો, તે જ ખૂણાનો મુખ્ય પથ્થર થયો છે.**
**8 અને ઠેસ ખવડાવનાર પથ્થર તથા ઠોકર ખવડાવનાર ખડક થયો છે; તેઓ આજ્ઞા માનતા નથી, તેથી તેઓ વચન વિષે ઠોકર થાય છે, એ માટે પણ તેઓ નિર્માણ થયા હતા.**

આપણે જેઓ વિશ્વાસ કરીએ છીએ, તેઓ માટે ઇસુ ખ્રિસ્ત ખૂણાનો મુખ્ય પથ્થર છે. અને તે મૂલ્યવાન છે. અને છતાં પણ તે ઘણાઓ માટે ઠેસ ખવડાવનાર પથ્થર અને ઠોકર ખવડાવનાર ખડક છે.

ઇસુ ખ્રિસ્ત કેટલાક માટે ઠોકર અને ઠેસ ખવડાવનાર છે. અને તેવા લોકો તેનો બદલો આપણી સાથે, તેના લોકો કે તેની મંડળી સાથે લે છે. પ્રભુ ઇસુ પરના વિશ્વાસને કારણે તમને ઠોકર ખવડાવવામાં આવે તો આશ્ચર્ય પામતા નહિ. ખ્રિસ્ત તમારામાં છે એટ્લે લોકો તમને ઠોકર ખવડાવનાર થશે. જે રીતે પ્રેરિત પાઉલ અહી જણાવે છે, "કેમકે તારણ પામનારાઓમાં, તથા નાશ પામનારાઓમાં અમે દેવની આગળ ખ્રિસ્તના સુગંધરૂપ છીએ; પાછલાને અમે મોતના મૃત્યુકારક વાસરૂપ, ને આગલાને જીવનના જીવનદાયક વાસરૂપ છીએ, તો એ કર્યાને સારું કોણ યોગ્ય છે"(2 કરિંથીઓને પત્ર 2:15-16)

ઇસુએ આગાઉથી જ પોતાના શિષ્યોને જણાવ્યુ હતું કે તેઓ(શિષ્યો) તેમના વધસ્તંભ પર જવાના સમયે ઠોકરરૂપ બનશે. માથ્થી 26:31,33; "ત્યારે ઇસુ તેઓને કહે છે કે, તમે સહુ આજે રાત્રે મારા સંબંધી ઠોકર(ગ્રીક શબ્દ "SKANDALON") ખાશો, કેમકે એમ લખેલું છે કે હું ઘેટાપળકને મારીશ, ને ટોળાના ઘેટાં વિખેરાઈ જશે. ત્યારે પિત્તરે તેને ઉત્તર દીધો, કે જો કે બધા તારા સંબંધી ઠોકર(ગ્રીક શબ્દ "SKANDALON")ખાય, તોપણ હું કદી ઠોકર નહિ ખાઈસ."

ઇસુએ અગાઉથી જ ઠોકરો સંબંધી પોતાના શિષ્યો ને વારંવાર જણાવેલ છે. યોહાન 16:1-2; "કોઈ તમને ઠોકર (ગ્રીક શબ્દ "SKANDALON") ખવડાવે નહિ, માટે મે તમને એ વચનો કહ્યા છે. તેઓ તમને સભાસ્થાનોમાંથી કાઢી મૂકશે, હા એવો સમય આવે છે કે જે કોઈ તમને મારી નાખે તે દેવની સેવા કરે છે, એમ તેને લાગશે."

વિશ્વાસીઓએ ઇસુ ખ્રિસ્ત પરના તેમના વિશ્વાસને કારણે ઠોકરોનો સામનો કરવો પડશે.

## વચન અને આત્મા ને કારણે ઠોકર આવશે

અહિયાં યશાયા દ્વારા બીજી એક ભવિષ્યવાણી:

**યશાયા 28:9-13;**

**9 તે કોને જ્ઞાન શીખવશે! કોને સંદેશો સમજાવશે? શું તે ધાવણ મુકાવેલાઓને તથા થાન છોડાવેલાઓને સમજાવશે?**

**10 કેમકે આજ્ઞા પર આજ્ઞા, આજ્ઞા પર આજ્ઞા; નિયમ પર નિયમ, નિયમ પર નિયમ; થોડું આમ થોડું તેમ [ તે પ્રમાણે તેઓ બોલે છે].**

**11 કેમકે બોબડા હોઠોથી, ને અન્ય ભાષામાં તે આ લોકો સાથે વાત કરશે;**

**12 તેણે તેઓને કહ્યું હતું, આ વિશ્રામ છે, થાકેલાઓને વિશ્રામ આપો; આ તાજગી છે; પણ તેઓએ સાભળવા ચાહ્યું નહિ.**

**13 તેથી યહોવાની વાત તેઓને સારું આજ્ઞા પર આજ્ઞા, આજ્ઞા પર આજ્ઞા, નિયમ પર નિયમ, નિયમ પર નિયમ; થોડું આમ થોડું તેમ, એવી થશે; એ માટે કે તેઓ ચાલતા ચાલતા ઠોકર ખાઈને પાછા પડે, ને નાસે, ફસાયને પકડાય.**

કેટલીક વાર લોકો દેવના સત્ય વચનથી ઠોકર ખાય છે. આપણને બાંધવા માટે, જ્ઞાન આપવા અને સમજણ પ્રાપ્ત કરવવા માટે વચન આપવામાં આવ્યું છે. યશાયા 28:11-12; માં પવિત્ર આત્મા સંબંધી અને અન્ય ભાષા સંબંધી ઉલ્લેખ છે, જેનો ઉલ્લેખ પ્રેરિત પાઉલ તેના પત્ર 1 લો કરંથીઓના 14:21 માં કરે છે. આ વાતોનો પણ લોકોએ અસ્વીકાર કર્યો. તેઓએ ઠોકર ખાધી, તેઓ પડ્યા, તેઓને માટે અવરોધ ઊભા થયા, તેઓ જાળમાં ફસાયા, કારણ કે તેઓ વચનો અને આત્માને સ્વીકારવામાં નબળા માલૂમ પડ્યા.

આ વાતો એક વિશ્વાસીના જીવનમાં નીચે જણાવેલ વિવિધ બાબતોમાં જોઈ શકાય છે.

### જ્યારે ઈશ્વર તમારી સમજણ વિસ્તૃત કરે છે

કેટલીક વાર વિશ્વાસી તરીકે ઠેસ અને ઠોકર ખાઓ છો, કારણકે તમે વચન અને આત્માને તમારા બંધબેસતા ઢાંચામાં બેસાડવા માંગો છો. હ્રદય ખોલવા માટે દેવ મગજને ઠોકર ખવડાવે છે. જ્યારે તમને એવું લાગે છે કે તમારી પાસે તમામ પ્રકારની ઈશ્વરવિધા આવી ગઈ છે અને પવિત્ર આત્માના સંબંધી હું યોગ્ય દિશામાં આગળ વધી રહ્યો છું, ત્યારે વચન અને આત્મા કોઈકના દ્વારા તમારી આંખો ખોલવા માટે પૂરતા હોય છે, જેના સંબંધી તમે

ક્યારેક કલ્પના પણ કરી ન હોય. આ બાબત ખરેખર તમને, તમારી સમજણને હલાવી દે છે. તમારે હવે પસંદગી કરવાની રહે છે. આ બાબત વિષે તમે કાં તો ઠેસ અને ઠોકર ખાય બેસો અથવા તેનો અસ્વીકાર કરી બેસો અને તેથી આગળ વધીને કાં તો તમે ઈશ્વરની કૃપાની માંગણી કરી તમારી આધ્યાત્મિક સમજણ, ક્ષમતા અને અનુભવમાં વૃદ્ધિ કરી શકો છો. [નોંધ: અહિ આપણે કોઈ દુર્મત કે અનઅધિકૃત મત વિષે વાત કરતાં નથી. એવી કોઈ વાત કે તે દુર્મત છે અથવા પાખંડીપણું છે. પરંતુ પ્રભુ જે બાબતો વિશે આપણને સભાનતામાં લાવવા માંગે છે તે વાત વિશે જણાવી છીએ તમે જેનાથી ટેવાય ગયા છીએ તેવી વાત વિશે નહિ.]

તમે જે સમજી શકતા નથી તેની સામે યુદ્ધ કરવું તે બાબત ખોટી અને અયોગ્ય છે. કેટલી બધીવાર ખ્રિસ્તી વિશ્વાસમાં આપણે જોઈએ છીએ કે વિશ્વાસીઓ કોઇની વાત પર વચન અને આત્મા સંબંધી એકબીજા પર કાદવ ઉછળવાના કામે લાગી જાય છે અને  તેના સંબંધી ઠેસ અને ઠોકરો ખાય છે. તેઓ વચન અને આત્માની બાબતની વાત સ્વીકારવામાં અને જાણવામાં અસમર્થ બની બેસે છે અને તેથી કરીને જે બાબત સમજી શકયા નથી તેને તોડી પાડે છે અને જેના કારણે ઠેસ અને ઠોકર ખાવાનો વારો આવે છે.

## જ્યારે બીજાઓ તમારામાં થયેલ દેવના કાર્ય વિષે ગેરસમજણ કરે છે

બીજી એક રીતે વિશ્વાસીઓ ઠોકરનું કારણ બને છે, એટલા માટે કે તમારામાં દેવનું વચન અને આત્માનું કામ થઈ રહયુ છે અને તેઓ તેને સમજી શક્યા નથી અને તમે તેના હુમલાનો ભોગ બનો છો. બીજી કેટલીક વાર લોકો તમારી મસ્કરી કરે, હુમલાઓ કરે, ઠેસ પહોચાડે, અદેખાય કરે, તમને નામ દઈને એ રીતે બોલાવવામાં આવે, કારણકે તમારામાં થયેલા દેવના વચન અને આત્માના કાર્યોને તેઓ સમજવામાં અસમર્થ થઈ જાય છે.

બીજ વાવનારના દ્રષ્ટાંતમાં જે બીજ પથ્થરવાળી ભૂમી પર પડ્યા તે દ્વારા ઇસુ આપણને સમજાવે છે, અત્રે ઇસુ વચનો થકી આવનાર પરીક્ષણો અંગે વાત કરે છે.

**માથ્થી 13:21**
**તોપણ તેના પોતામાં જડ નહિ હોવાથી તે થોડી જ વાર ટકે છે, અને જ્યારે વચનને લીધે વિપત્તિ અથવા સતાવણી આવે છે, ત્યારે તરત તે ઠોકર ખાય છે.**

પાઉલ પ્રેરિત જ્યારે ખ્રિસ્તના વિશ્વાસની વાત કરતાં સુવાર્તા પ્રચાર કરે છે ત્યારે તેને ઠેસનો અનુભવ કરે છે અથવા તેના કારણે ઠોકર ખાવી પડે છે. કારણ કે તે સમયમાં પાઉલ તેમને તેમની સુવાર્તાની વાત કહેતા નથી.

ગલાતી 5:11
**હે ભાઈઓ, જો હું હજી સુધી સુન્નતની હિમાયત કરતો હોઉં, તો હજી સુધી મારી સતાવાણી કેમ થાય છે? જો એમ હોય તો વધાસ્તભની ઠોકર લાપે થઈ છે.**

## વચન અને આત્માનું કાર્ય અપ્રચલિત હોય અને તેના માટે અડગ ઊભા રહીને પ્રચાર કરી રહયા છો

ગલાતી 1:9-10
**9 જેમ અમે અગાઉ કહ્યું હતું, તેમ હમણાં હું ફરીથી પણ કહું છું કે, જે સુવાર્તા તમે પામ્યા છો, તે વિના બીજી [સુવાર્તા] જો કોઈ તમને પ્રગટ કરે, તો તે શાપિત થાઓ.**
**10 તો હમણાં હું માણસોની કૃપા મેળવી લેવાનો યત્ન કરું છું કે દેવની? અથવા શું હું માણસોને રાજી કરવા ચાહું છું? જો હજી સુધી હું માણસોને રાજી કરતો જાઉં, તો હું ખ્રિસ્તનો સેવક નથી.**

રોમનોના પત્રના અધ્યાય 1 માં પ્રચલિત અભિપ્રાયોનો નિર્દેષ કરવામાં આવ્યો છે. જેમાં લોકો,

- ✓ દુષ્ટતાથી સત્યને દાબી રાખે છે (રોમન 1:18),
- ✓ મિથ્યા તર્ક વિતર્કો કર્યા.(રોમન 1:21),
- ✓ નિરબુદ્ધ મન અંધારકરમય થયા (રોમન 1:21),
- ✓ જ્ઞાની હોવાનો દાવો કરી મૂર્ખ બનો (રોમન 1:22),
- ✓ દેવના સત્યને બદલે અસત્ય સ્વીકાર્યા (રોમન 1:25),
- ✓ દેવનું જ્ઞાન મનમાં રખવાનું ગમ્યું નહિ (રોમન 1:28),
- ✓ જે ઊચિત નથી એવા કામ કરવાને સારું દેવ તેઓને ભ્રષ્ટ બુધ્ધિને સ્વાધીન કર્યા (રોમન 1:28),
- ✓ એવા કામ કરે છે જે મરણ યોગ્ય છે (રોમન 1:32),
- ✓ મરણ યોગ્ય કામોને ઉત્તેજન આપે છે (રોમન 1:32).

આજે જ્યારે આપણે વિશ્વાસીઓ તરીકે દેવ માટે અડગ ઊભા રહીને લગ્ન, સંભોગ, કુટુંબ, પતિ અને પત્નીની ભૂમિકા, માતાપિતાનું સન્માન, શાસકોનું સન્માન, દેવથી નિમાયેલા

અધિકારીઓની આધીનતા, અને અન્ય ઘણી બાબતો વિષે વાત કરીએ છીએ ત્યારે જગત આપણી ઠેકડી ઉડાવે છે. તેઓ આ પ્રમાણેની બાબતો અથવા સંદેશને અસહિષ્ણુ, ધર્માંધ અને તિરસ્કારનું બિરુદ લગાવે છે. આ પરિસ્થિતીમાં વિશ્વાસીએ શું કરવું જોઈએ? મંડળીએ કેવો પ્રતિભાવ આપવો જોઈએ? ખ્રિસ્તી આગેવાનોએ કેવો અભિગમ વ્યક્ત કરવો જોઈએ? મંડળી પાસે માત્ર ને માત્ર એક જ વિકલ્પ છે. જે રીતે પાઉલ શીખવે છે: "જીવતા દેવની મંડળી, સત્યનો સ્તંભ તથા પાયો" (1 તિમોથી 3:15). મંડળીને સમાજમાં સત્યના સમર્થક અને ટકાવી રાખનાર તરીખે તેડું આપવામાં આવ્યુ છે. માણસોને ખુશ કરવા માટે અને ઠોકર ન લાગે તેવા ભયને લીધે દેવના સત્યની આવગણના કરી બાંધછોડ કરી શકીએ તેમ નથી. સત્યની અવગણના અને બીજી કોઈ પ્રકારની બાંધછોડ કર્યા સિવાય પ્રેમથી સત્ય જ બોલવું જોઈએ. આપણે લોકોને તેઓ જેવા છે તેવા જ દેવનું સત્ય પ્રગટ કરી તેઓનું જીવન પરીવર્તન થાય તે રીતે પ્રેમ કરવાનું ચાલુ રાખવાનું છે કે જેમાં દેવનું સામર્થ્ય પ્રગટ થાય છે. કોઈ વ્યક્તિ માટે દેવના વચનનું સત્ય અને પવિત્ર આત્માનું કામ ઠેસ કે ઠોકરરૂપ લાગે. આપણી પાસે દેવના વચનનો પક્ષ લેવા અને વચનના દાવા સાથે ઊભા રહેવા સિવાય અન્ય કોઈ પસંદગી રહેતી નથી.

## અનેક ઘણી તકો

ઠોકરો આવશે જ. વિશ્વાસીઓ તરીકે આપણા જીવનકાળમા ઠોકર ખાવા અંગે અગણિત તકો સમાયેલી છે જે પૈકી થોડી અત્રે દર્શાવી છે. ખરેખર, મુખ્ય બાબત એ છે કે જ્યારે ઠોકરનો અનુભવ થાય ત્યારે આપણે તેને કેવી રીતે હેન્ડલ કરીએ છીએ. યાદ રાખશો કે દરેક ઠોકર દુશ્મન શેતાન માટે આપણને જાળમાં ફસાવવાની, છટકામાં ફસાવવાની ઉત્તમ તક છે. આપણે એ ઠસાવી લેવાની જરૂર છે કે કોઈ પણ સ્થિતિ કે સંજોગોમાં ઠેસ કે ઠોકરને આપણાં જીવનમાં પ્રવેશવા દઈશુ નહીં.

# પ્રતિબિંબ

1. અત્રે જણાવેલ ઠેસ કે ઠોકરનો શું તમે સામનો કર્યો છે? તેવા સંજોગોમાં તમે કેવી રીતે તેનું નિરાકરણ લાવ્યા છો?

- જગતમાથી આવનાર ઠોકરો,
- આમંત્રણ કે જાહેરાત વગર આવેલ ઠોકરો,
- સત્તાધીશો દ્વારા આવતી ઠોકરો,

**ઠોકરો—તેને હાવી થવા દેશો નહીં**

- દેવના સંબંધી આવનાર ઠોકરો,
- પ્રભુ ઇસુના કારણે આવતી ઠોકરો,
- વચન અને આત્માના કારણે આવતી ઠોકરો.

# 3. પસંદગી તમારી છે

## ઠોકરો પર વિજયવંત બનનાર

**નિતિવચન 4:23**
**પૂર્ણ ખંતથી તારા હ્રદયની સંભાળ રાખ; કેમ કે તેમાથી જ જીવનનો ઉદભવ છે.**

**માથ્થી 12:35**
**સારૂં માણસ મનના સારા ભંડારમાંથી સારૂં કાઢે છે, ને નઠારૂં માણસ નઠારા ભંડારમાંથી નઠારૂં કાઢે છે.**

આપણેઆપણાં હ્રદયની અને અંત:કરણની સંભાળ રાખવી જોઈએ કેમકે આપણાં હ્રદયમાંથી જે ઝરો વહે છે તે જ આપણાં જીવનને આકાર આપે છે.

આપણાં હ્રદયમાં જે હશે તે જ જીવનમાંથી બહાર નીકળશે.

આપણાં જીવનમાં જે બની રહ્યુ છે તેને બદલવા માંગીએ છીએ તો આપણાં હ્રદયમાં જે પ્રવેશે તેને બદલવાનું છે.

જેમ આપણે જોયું તેમ, ઠેસ કે ઠોકર જાળમાં ફસાવા કે આડખીલીરૂપ બનવા માટે તક સમાન છે. તે આપણને સહેલાઇથી પાપમાં કે ભૂલમાં પાડે છે. તમામ લોકો કે પરિસ્થિતીઓ મારફતે ઠોકરો આવે છે. ગમે તેમ, પણ ઠોકર કે ઠેસનો સામનો કરવો કે તેમાં સપડાઇ જવું એ આપણાં પર નિર્ભર છે. આપણાં માર્ગમાં જ્યારે ઠેસ કે ઠોકરો આવે ત્યારે તેમાં ફસાવું કે નહિ તે આપણે પસંદ કરી શકીએ છીએ.

જે ક્ષણે ઠેસ કે ઠોકરનો સામનો કરવાનો થાય જેમ કે કોઈએ, કોઈના વિષે કશું કહ્યું, કશું કર્યું, જેનાથી તમે અપમાનિત થયા કે ગુસ્સે થયા કે તમને દૂ:ખ થયું, તમે પસંદ કરી શકો છો. તમે તમારા હ્રદયને ખંતથી એવી રીતે સાંભળી લો કે, આવનાર ઠેસ કે ઠોકર તમારા પર હાવી ન થાય. તમે પસંદગી કરી શકો છો કે આવનાર ઠોકર કે ઠેસને તમારા હ્રદયમાં પ્રવેશ

કરવા દેવો કે નહિ. તમે જાણો છો કે જે ભૂંડાઈનું રોકાણ તમે તમારા હ્રદયમાં કરો છો તેનું ફળ પણ તમારા જ જીવનમાં ભૂંડાઈના પરિણામ રૂપે આવશે.

જ્યારે તમારી સમક્ષ ઠોકર કે ઠેસનો પ્રસંગ ત્યારે તમે તેની ઉપરવટ જીવનની પસંદગી કરી શકો છો.  ઠોકરો પર વિજયવંત થવાની પસંદગી કરો. તેનો સ્વીકાર કરવા નીચા વળી જશો નહિ. પ્રેમને પ્રગટ કરવાના સૌથી શ્રેષ્ટ ભાગને દર્શાવવા જીવો. [ આ બાબત સંબંધી આપણે આવનાર બીજ પ્રકરણમાં ચર્ચા કરીશું.]

## પાઉલ પ્રેરિત શું કહે છે તેના પર વિચાર કરો:

**પ્રેરિતોના કૃત્યો 24:16**
**એમ માનીને હું દેવની તથા માણસોની પ્રત્યે હમેશા નિર્દોષ અંત:કરણ રાખવાનો પ્રયત્ન કરૂં છું.**

અહિ, પાઉલ ખંતથી એવો પ્રયત્ન કરે છે કે જ્યારે ઠોકર કે ઠેસ આવે ત્યારે તે પોતાના અંત:કરણને દેવ અને માણસની સમક્ષ નિર્દોષ રાખે.

“પ્રયત્ન” કરવો શબ્દ માટે ગ્રીક ભાષામાં “askeo” શબ્દ છે જેનો અર્થ તાલીમ આપવી, કસરત કરવી, તાણવું, વધારે ભારે શ્રમ કરવો અથવા દુ:ખ ઉઠાવવું એવો થાય છે.

“ઠોકર” શબ્દનો અહિયાં પાઉલ જે અર્થ દર્શાવે છે તે ગ્રીક ભાષામાં “aproskopos” છે. જે “skandalon”થી જુદો શબ્દ છે. જેના વિષે આપણે ચર્ચા કરી છે. “ઠોકર” “aproskopos” શબ્દનો ત્રણ સ્તરીય અર્થ થાય છે.

- કોઈને માટે ઠોકરનું કારણ ન બનવું – અથવા કોઈ પાપમાં પડે તેવું કાર્ય ન કરવું.
- ઠોકરરૂપ ન બનવું – મતલબ કે પાપમાં ન પડવું, નિર્દોષ રહેવું.
- પાપ ન કરવાની સભાનતામાં રહેવું – હ્રદયને પાપથી નિર્દોષ રાખવું, શુધ્ધ રાખવું.

આપણે જોઈએ છીએ પાઉલ સતત એવા પ્રયત્નમાં છે કે તે પાપ ન કરવાની અને દુષ્ટતાથી દૂર રહેવાની સભાનતામાં રહે. તે પાપને કોઈ પણ રૂપમાં પોતાના જીવનમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂકે છે- પાપ ન કરવું, પાપ કરવા બીજાને પ્રેરણા ન આપવી અને પાપ ન થાય તે અંગેની સભાનતામાં જીવવું. તે પોતાના હ્રદયને શુધ્ધ અને સાફ રાખવાની પસંદગી કરે છે.

આપણે ઠેસ અને ઠોકરોની ઉપર જીવન જીવવાની અને દેવ અને માણસો સમક્ષ આપણાં હ્રદયોને શુધ્ધ અને સાફ રાખવાની પસંદગી કરી શકીએ. તે ધારવા મુજબ સરળ નથી. આપણે આપણી જાતને તેના માટે તાલીમ આપવી પડશે, તેના માટે કસરત કરવી પડશે, અને પ્રયત્ન કરીને જીવવું પડશે. તેમ કરવું આપણાં માટે યોગ્ય અને મૂલ્યવાન છે. આ રીતે આપણે ઠોકર કે ઠેસરૂપ પરીક્ષણો પર વિજયવંત જીવન જીવીએ.

આવો આપણે હ્રદયથી પસંદ કરવા જેવી કેટલીક અગત્યની બાબતો વિષે ચર્ચા કરીએ કે જ્યારે ઠેસ કે ઠોકરો આપણી સામે આવે.

## જતું કરતાં શીખવે તેવો સદગુણ

ઉત્પતિ 50:15-21

**15 અને યુસફના ભાઈઓએ જોયું કે અમારો બાપ મરી ગયો છે, ને તેઓએ કહ્યું, કદાચિત યુસફ અમારા પર દ્વેષ કરશે, ને અમે તેનું જે ભૂંડું કર્યું હતું તે સર્વનું વેર તે નક્કી વાળશે.**
**16 અને તેઓએ યુસફને કહેવડાવી મોકલ્યું કે, તારા બાપે મરણ પામ્યા અગાઉ આજ્ઞા આપીને કહ્યું હતું કે,**
**17 તમે આ પ્રમાણે યુસફને કહેજો, તારા ભાઈઓએ તારો અપરાધ કર્યો છે, હવે તું તેઓના તે પાપની ક્ષમા કરજે, કેમ કે તેઓએ તારું ભૂંડું કર્યું હતું; તે માટે હવે તારા બાપના દેવના દાસોનો અપરાધ તું માફ કરજે. યુસફને તે વાત કહેવામા આવી ત્યારે તે રડી પડ્યો.**
**18 અને તેના ભાઈઓ પણ આવીને તેની આગળ નમી પડ્યા; અને બોલ્યા, જો અમે તારા દાસ છીએ.**
**19 અને યુસફે તેઓને કહ્યું, બિહો માં; કેમ કે શું હું દેવને ઠેકાણે છું?**
**20 તમે તો મારુ ભૂંડું કરવા ચાહયું હતું; પણ દેવે તેમાં ભલું કરવાનું ધાર્યું કે, જેમ આજે થયું છે તેમ, તે ઘણા લોકના જાન બચાવે.**
**21 એ માટે હવે બીહો માં; હું તમને તથા તમારા છોકરાને પાળીશ. એમ તેણે તેઓને દિલાસો આપીને તેઓની સાથે હેતથી વાત કરી.**

યુસફ માટે કેટલી મોટી તક હતી કે તે પોતાના ભાઈઓ પર બદલો લે જેઓએ તેની સાથે ભયંકર કૃત્ય કર્યું હતું. ભાઇઓ અતી ખરાબ બદલાની અપેક્ષા રાખતા હતા. આમ છતાં, આપણે જોઈએ છીએ, તેના ભાઈઓએ જે કર્યું હતું તે અંગે યુસફના હ્રદયમાં કોઈ કડવાશ કે ધિક્કારની ભાવના ન હતી. બદલો લેવાની ભાવના કે ઈચ્છાને તેણે ઘણા લાંબા સમય અગાઉ જ જતી કરી દીધી હતી. આ બાબતને તેણે મોટા, મહાન અને વિશાળ દ્રષ્ટિકોણથી જોઇ. ઈશ્વર આ બાબતે કેવું વિચારતા હશે તે રીતે તેણે વિચાર્યું.

આપણે યુસફની જેમ પસંદગી કરવી જોઈએ કે ઠેસ કે ઠોકરને માફ કરી દઈએ. જે વ્યક્તિ કે લોકો તરફથી ઠેસ કે ઠોકર ઊભા થયા તેમને માફ કરી દઈએ. જે થયું કે કહેવામા આવ્યું તેને જતું કરીએ.

દેવના દ્રષ્ટિકોણથી નિહાળતા શીખીએ. આપણી પાસે જવાબ ન હોય કે શા માટે મારી સાથે આવું કૃત્ય થયું?, આનાથી કેટલું નુકશાન થશે?, તેઓને ક્યારે ભાન થશે કે આવું કેમ કર્યું?. જતું કરવાની જ પસંદગી કરો. વિશ્વાસ રાખો કે દેવ તમારા માટે ભલાઈનું મહાન તથા ઉત્તમ કાર્ય કરશે અને કોઈ પ્રકારની કડવાશને તમારા હ્રદયમાં ઘર કરવા દેશો નહિ. તમારી પ્રાથમિકતા એ હોય કે તમે તમારા હ્રદયની ખંતથી સંભાળ રાખો અને જતું કરવાની પસંદગી કરો. ઠેસ કે ઠોકર ન લાગે તેવી પસંદગી કરશો.

## ઈશ્વરને ન્યાય કરવા દો

**રોમનોને પત્ર 12:17-21**
**17 ભૂંડાઇને બદલે ભૂંડું ન કરો. સઘળા માણસોની નજરમાં જે શોભે છે, તે (કરવાને) કાળજી રાખો,**
**18 જો બની શકે તો, ગમે તેમ કરીને સઘળા માણસોની સાથે હળીમળીને ચાલો.**
**19 ઓ વહાલાઓ, તમે સામું વૈર ન વાળો, પણ (દેવના) કોપને સારું માર્ગ મૂકો; કેમ કે લખેલું છે કે, પ્રભુ કહે છે કે, વૈર વાળવું એ મારૂ (કામ) છે; હું બદલો લઇશ.**
**20 પણ જો તારો વૈરી ભૂખ્યો હોય તો તેને ખવાડ; જો તરસ્યો હોય તો તેને (પાણી) પા; કેમ કે એવું કરવાથી તું તેના માથા ઉપર ધગધગતા અંગારાના ઢગલા કરીશ.**
**21 ભૂંડાથી તું હારી ન જા, પણ સારાથી ભૂંડાનો પરાજય કર.**

જ્યારે આપણે ઠેસ કે ઠોકરનો સામનો કરીએ ત્યારે આપણે આ બાબતો કરીશું જે આપણને રોમાનોને પત્ર 12:17-21માં આપેલ સૂચના પ્રમાણે કરીએ છીએ:

- ✓ આપણને ઠોકરરૂપ બનનારને આપણે ઠોકરરૂપ નહીં બનીએ.
- ✓ જે આપણને ઠોકરરૂપ છે તેની સાથે આપણે શાંતી સ્થાપવાની પસંદગી કરીએ.
- ✓ ઠોકરરૂપ બનનારને આશીર્વાદ આપીએ અને ભલું કરીએ.

જ્યારે આપણે આ બાબતો કરીએ છીએ, આપણે બદલાની અસરમાથી બહાર નીકળીને દેવને આપણો બચાવ કરવાણી તક આપીએ છીએ. દેવ ન્યાયી ન્યાયાધીશ છે, તેઓ આપણાં હ્રદયને તથા ઇરાદાને જાણે છે. જો આપણે તે બાબતો તેના હાથોમાં મૂકી દઇશું તો તે (દેવ) આપણો બચાવ કરશે.

અને આ આદર્શ નમૂનો છે જે ઇસુએ આપણને આપ્યો છે:

**1 પિત્તર 2:23**
**તેણે નિંદા સહન કરીને સામી નિંદા કરી નહિ; દુ:ખો સહન કરીને ધમકી આપી નહિ; પણ અદલ ન્યાય કરનારને પોતાના સોંપી દીધો.**

## અભિમાનને તમારા હ્રદયોમાં રાજ કરવા દેશો નહિ

આપણાં અભિમાનને ઠેસ પહોંચવાને કારણે આપણે ઠોકર ખાઈએ છીએ.

**માથ્થી 11:28-30**
**28 ઓ વૈતરૂં કરનારાઓ તથા ભારથી લદાયેલાઓ, તમે સઘળા મારી પાસે આવો, ને હું તમને વિસામો આપીશ.**
**29 મારી ઝૂસરી તમે પોતા પર લો, ને મારી પાસે શીખો; કેમ કે હું મનમાં નમ્ર તથા રાંકડો છું, ને તમે તમારા જીવમાં વિસામો પામશો.**
**30 કેમ કે મારી ઝૂસરી સહેલી છે, ને મારો બોજો હલકો છે.**
**ઇસુ એ કહ્યુ કે તેઓ નમ્ર, રાંક અને ભંગીત હ્રદયવાળા અને એકલવાય જીવનનો સામનો કરનાર સાથે ચાલ્યા છે. આપણે તેમની પાસેથી શીખીએ અને તેમની પાછળ ચાલીએ.**

જ્યારે આપણે ઇસુની જેમ નમ્રજનો તથા ભંગીત હ્રદયવાળા સાથે ચાલીશુ તો આપણે ઠેસ કે ઠોકર ખાવાથી બચી શકીશું.

### ઇસુએ જે દ્રષ્ટાંત કહ્યું તે વિષે વિચાર કરો:

**લુક 14:7-11**
**7 નોતરેલાઓ કેવી રીતે મુખ્ય આસનો પસંદ કરતાં, તે જોઈને તેણે તેઓને એક દ્રષ્ટાંત કહયું કે,**
**8 કોઈ તને લગ્નમાં નોતરે ત્યારે મુખ્ય આસન પર ન બેસ; રખેને તારા કરતાં કોઈ માનવંતો માણસ તેણે નોતરેલો હોય,**

**9 અને જેણે તને તથા તેને નોતર્યા તે આવીને તને કહે કે, એને જગા આપ; ત્યારે તારે લજવાઈને સહુથી નીચી જગાએ બેસવું પડશે.**
**10 પણ કોઈ તને નોતરે ત્યારે સહુથી નીચી જગાએ જઈને બેસ; કે જેણે તને નોતર્યો તે આવે ત્યારે તે તને કહે કે, મિત્ર, ઉપર આવ; ત્યારે તારી સાથે જમવા બેઠેલા સર્વની આગળ તને માન મળશે.**
**11 કેમ કે જે કોઈ પોતાને ઊંચો કરે છે તેને નીચો કરવામાં આવશે; અને જે પોતાને નીચો કરે છે તેને ઊંચો કરવામાં આવશે.**

પ્રભુ ઇસુ આપણને શીખવે છે કે ઈરાદાપૂર્વક નમ્ર અને દીન થઈને ચાલવું જોઈએ. એવી રીતે ચાલો કે તમને ઠોકર ન લાગે. જ્યારે તમે શરૂઆતથી જ દીન(નમ્ર હ્રદયી) છો ત્યારે તમને કોઈ વધુ દીન બનાવી શકે જ નહીં, તેઓ પાસે તમને ઠોકર ખવડાવવા માટે કોઈ કારણ જ નહીં બચે, જો તમને નીચે ઉતરી જવા માટે કહેવામા આવે કે ફરજ પાડવામાં આવે ત્યારે તમારું હ્રદય પ્રથમથી જ તેવું કરવા માટે તૈયાર હોય છે. તમને ઠોકર લાગવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

ખ્રિસ્તી આગેવાન તરીકે, જ્યારે આપણું સ્વમાન ઘવાય ત્યારે ઠોકર લાગવાની શક્યતા વધુ હોય છે. આપણે અપેક્ષા રાખીએ છીએ કે આપણને ઉચિત રીતે માનથી સંબોધવામાં આવે, પણ જ્યારે આપણને એવું કહીને બોલાવવામાં આવતા નથી ત્યારે આપણને દુ:ખ થાય છે અને ઠોકર ખાઈ બેસીએ છીએ. આપણે અપેક્ષા રાખીએ છીએ કે આપણને સભામાં ઊંચા આસન પર બેસવાને માટે કહેવામા આવે, પણ જ્યારે એવું ન બને ત્યારે આપણને દુ:ખ થાય છે અને ઠોકર ખાઈ બેસીએ છીએ. આપણે અપેક્ષા રાખીએ છીએ કે આપણાં માન-મોભા મુજબ ઓળખાણ આપવામાં આવે કે એવી જાહેરાત કરવામાં આવે, પણ જ્યારે તેવું ન બને ત્યારે આપણને ભારે દુ:ખ થાય અને ઠોકર ખાઈ બેસીએ છીએ. આ પ્રકારની ઠોકરોનું આપણાં જીવનમાં એટલા માટે નિર્માણ થાય છે કારણ કે આપણે આપણાં હ્રદયમાં ઘમંડને સ્થાન આપીએ છીએ. પરંતુ, જો આપણે ઇસુની માફક નમ્ર, રાંક અને દીન થઈને ચાલીએ, મોટી કે ઉત્તમ સરભરાની અપેક્ષા વિના જીવીએ તો ઠેસ કે ઠોકરને કોઈ તક મળતી નથી.

બીજા બે અગત્યના અંત:કારણપૂર્વક કરવા જેવા નિર્ણયો:

1. ઠોકરરૂપ બનેલ હ્રદયથી કોઈ જ પ્રત્યાઘાત આપવો જોઈએ નહીં, અને
2. પ્રેમમાં ચાલવા અંગે પસંદગી કરવી. આગળના બીજા બે પ્રકરણમાં આ અંગે અલગથી ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

# પ્રતિબિંબ

1. શા માટે હૃદયને ઠોકરોથી સુરક્ષિત કરવું જોઈએ?
2. શું તમે ઠેસ કે ઠોકરને જતા કર્યા છે? શું તમને લાગે છે દેવને પ્રાર્થના કરીને તમારા હૃદયમાં ભારરૂપ બનેલ ઠોકર કે દુ:ખની કડવાશને દૂર કરી શુધ્ધ થવું જોઈએ?
3. જ્યારે ઠોકર ખાવાનો વખત આવે ત્યારે નીચેની બાબતો કરો, રોમાનોને પત્ર ૧૨: ૧૭-૨૧ મુજબ ત્રણ "પ્રથમ પ્રતિભાવો"ની ચકાસણી કરો.
4. ઇસુની જેમ ઈરાદાપૂર્વક નમ્ર અને રાંક હૃદય કેવી રીતે રાખી શકાય કે જેથી તમારૂ અભિમાન ખંડિત ન થાય અને ઠોકરોનો સામનો કરવાની કોઈ તક જ રહે નહીં.

# 4. ઠોકર સામે પ્રત્યાઘાત ન આપશો

અગાઉના પ્રકરણમાં ત્રણ મહત્વની હ્રદય પસંદગી અંગે ચર્ચા કરી કે જેમાં આપણે ઠોકરનો સામનો કરીએ ત્યારે શું કરવું જોઈએ.

- જતું કરો અથવા જવા દો.
- રોમનનો પત્ર 12:17-21ના વચનો પ્રમાણે પ્રત્યુતર આપો અને દેવને તમારો બચાવ કરવા દો.
- તમારા હ્રદયમાં અભિમાનને રાજ કરવા ન દો.

જ્યારે ઠોકર ખાઈએ છીએ ત્યારે, ચાર અગત્યની હ્રદયસ્પર્શી પસંદગીઓ જે આપણે કરી શકીએ છે તેના પર આ પ્રકરણમાં પ્રકાશ પાડવામાં આવ્યો છે. આપણે ઠોકર ખાધેલ હ્રદયમાથી ઈરાદાપૂર્વક પસંદગી કરીએ છીએ કે બદલો ન લેવો. આ આત્મસંયમ છે.

## બે ઠોકરો કોઈ એકને યોગ્ય કરશે નહીં

**સભાશિક્ષક 10:4**
**જો અધિકારીનો મિજાજ તારા પર તપી જાય, તોપણ તારી જગા છોડીશ નહીં; કેમકે નમી જવાથી ભારે ગુસ્સો સમી જાય છે.**

આધુનિક જમાનાની કલ્પના કરો. જેમ કે તમારું કાર્ય ઉલટ સૂલટ થઈ ગયું છે. કદાચ, તે એક નાનું કામ હતું જે કરવામાં તમે નિષ્ફળ ગયા છો અથવા અતિગંભીર ભૂલ કરી બેઠા છો. તમારા ઉપરી અધિકારી તમારા પર ગુસ્સે થઈ ગયા છે. તેઓ તેને ઇ-મેલ દ્વારા પોતાની નાપસંદગી અત્યંત ધૃણા સાથે વ્યક્ત કરે છે, શાબ્દીક રીતે, તમારા કાર્યને, બઢતીને નિમ્ન કક્ષાની ગણીને અવરોધે છે. અલબત, તમે આ પ્રત્યાઘાતના કારણે ઠેસ કે ઠોકરનો અનુભવ

કરો છો. તમને લાગે છે કે આ પ્રત્યાઘાત વધુ પડતાં છે. તમે છોડી દેવાનું, ત્યાથી નીકળી જવાનું કે વિરોધ કરવાનું વિચારો છો. તમે તમારા ઉપલા અધિકારીને જણાવવા માંગો છો કે તમારી સાથે જે થયુ તે થવું જોઈતું ન હતું. બીજી તરફ, વચનો દ્વારા આપણને ઉત્તેજન મળે છે કે "આપણું પદ છોડવું ન જોઈએ" ઠોકરથી થયેલ ઇજા સામે લાગણીઓને પ્રગટ થવા દેશો નહીં. શાંત રહો, નમ્ર બનો, આ પરિસ્થિતીમાં શાંત બની, આધીનતા ને પ્રગટ કરો અને જે તે બાબતને થાળે પાડો.

## ઠોકરરૂપ બનેલ હ્રદય ઘાયલ થયેલ હ્રદય છે.

ઠોકરરૂપ બનેલ હ્રદય ઘાયલ હ્રદય છે. જેમાં આંતરિક ઇજા કે દર્દ સમાયેલું છે. મન "ભાંગી ગયું છે."

નિતિવચન 17:22
**આનંદી હ્રદય એ ઉત્તમ ઔષધ છે; અને ઘાયલ થયેલું મન હાડકાને સૂકવી નાખે છે.**

ભંગીત હ્રદય હાડકાને સૂકવી નાખે છે, એનો અર્થ એવો થયો કે જે ભંગીત હ્રદય તમારામાં થી જીવનને ખોદી કાઢે છે. ભંગીતપણું ધીરે ધીરે થકવી નાખે છે અને ચીરી નાખે છે.

નિતિવચન 18:14
**હીમતવાન માણસ પોતાનું દુ:ખ સહન કરી શકશે, પણ ઘાયલ મન કોણ વેઠી શકે?**

આંતરિક મનુષ્યત્વ ત્યારે જ નભી શકે કે જ્યારે આપણે પડકારયુક્ત સમયો અને માંદગીઓ સામે અડગ ઊભા રહીએ. પરંતુ; જો આંતરિક મનુષ્યત્વ ઘાયલ થયેલ છે, ભંગીત અને ઇજાગ્રસ્ત થયું છે, તો તે વ્યક્તિ પડકારયુકત સમયોમાં નભી શકશે નહીં.

તેથી જો આપણે આવનાર ઠેસ કે ઠોકરને આપણાં હ્રદયમાં પ્રવેશ કરવા દઈએ, તો તેનો સીધો અર્થ એવો થાય કે આપણે નબળા છીએ અને મજબૂત નથી. આપણે નિમ્ન સ્તરના છીએ અને કાંઈ જ શ્રેષ્ટ આપી શકતા નથી. આપણે ખોટા નિર્ણયો લઈ છીએ અને નબળી પસંદગી કરીએ છીએ. ઠોકરો ખાવાથી ક્યારેક આપણે અંધ બની જીએ છીએ. આપણે જે દુ:ખ કે દર્દનો અનુભવ કર્યો છે તેના લીધે વિવેકને અર્થહીન કરી દઈએ છીએ.

આપણે દુ:ખના સ્તરેથી જે પ્રતીભાવ આપીએ છીએ તેથી અન્યોને પણ અપમાનિત કરીએ છીએ. અપમાનિત થયેલા લોકો બીજાઓને અપમાનિત કરે છે. ક્યારેક, તે સ્વરક્ષા માટે કરવામાં આવ્યું હોય, પરંતુ આપણે આપણાં સૌથી નજીકનાને જ ઇજા પહોચાડીએ છીએ.

તેથી એ જ શ્રેષ્ઠ છે કે ઠેસ કે ઠોકરોને હાવી થવા દઈએ નહિ. છતાં પણ, જો તમને ઠોકર પહોચી છે, તો તમે પોતે જ તમારા હ્રદયથી ઠોકર સંબંધીની પસંદગીને ઓળખી લઈ તેનો સામો ઘા ન કરો. પ્રભુને કાર્ય કરવા દો અને સાજાપણું આપવા દો, માફ કરવા દો તમારા હ્રદયને સાફ અને શુધ્ધ કરવા દો. ત્યાર બાદ આગળ વધો.

## ઠોકર કડવાશને પેદા કરે છે

જો આપણે ઠોકરરૂપ બાબતોને આપણાં હ્રદયઓમાથી સમયાંતરે દૂર કરતાં નહીં રહીએ, તો તે ખોટી લાગણીઓ ઉભી કરશે જેવાં કે કડવાશ, ક્ષમાવિનાશ, ગુસ્સો અને તિરસ્કાર. આપણે ઠોકર ખવડાવનાર વ્યક્તિ પ્રત્યે કડવાશ અનુભવીએ છીએ.

આપણાં હ્રદયમાં કડવાશ રાખવા જેવુ શું છે?

**હિબ્રૂ ઓને પત્ર 12:14-15**
**14 સઘળાની સાથે શાંતિથી વર્તો, અને પવિત્રતા કે જેના વગર કોઈ માણસ પ્રભુને દેખશે નહિ તેને ધોરણે તમે ચાલો.**
**15 તમે બહુ સાવધ રહો, રખેને કોઈ દેવની કૃપા પામ્યા વિના રહી જાય; રખેને કોઈ કડવાશરૂપી જડ ઊગે, અને તમને ભ્રષ્ટ કરે, અને તેથી તમારામાંના ઘણાખરા અપવિત્ર થાય;**

કડવાશ એક જડ સમાન છે, તેની ચોક્કસાઈ કરવામાં ન આવે તો, તે વૃધ્ધિ પામે અને જડ ઊંડા ઘાલે જે વિવિધ પ્રકારની સમસ્યાઓ ઉત્પન્ન કરી આપણને પરેશાન કરી મૂકે. એટલુ જ નહિ પરંતુ તે તેની અસરો આપણી મારફત બીજાઓ સુધી પહોચાડે અને તેઓને પણ આપણાં જેવી જ મુશ્કેલીઓનો અનુભવ થાય. જો તેને યોગ્ય રીતે તપાસીને નિકાલ કરવામાં ન આવે તો તે તેના જડ ઊંડા ઘાલે તથા ફેલાવો કરે. અન્ય લોકો પણ આપણી જેમ જ કડવા બને.

હિબ્રૂ ઓને પત્ર 12:15માં કડવાશ અંગે રસપ્રદ રીતે આપેલ ચેતવણી મુજબ આપણે દેવની કૃપાને ગુમાવવી જોઈએ નહિ. દેવ, અતિશય કૃપાના દેવ છે. બધાને માટે દેવ પાસે સતત

વહેતી અમાપ્ય કૃપા ઉપલબ્ધ છે. આપણાં હ્રદયોમાં રહેલી કડવાશ આપણને દેવની એ અજાયબ કૃપા થકી આપણામાં, આપણાં દ્વારા અને આપણાં માટે થનાર ઉત્તમ કાર્યોથી વંચિત રાખી શકે છે.

જો કડવાશ પ્રતિ બેધ્યાન રહીએ તો તે આપણને માફ ન કરવાના વલણમાં દોરી જાય જે વિશ્વાસને  અવરોધે (માર્ક 11:22-25)

જો કડવાશને હળવાસથી લેવામાં આવે તો તે આપણને તિરસ્કાર તરફ દોરે છે. તિરસ્કાર અંધ બનાવે. (1 યોહાન 2:9,11). આપણે જેઓ અંધકારમાં છીએ તેઓ ભાંગી પડીએ છીએ, જેમ કે ક્યાં જઈએ છીએ તે ખબર નથી કેમકે આપણે તિરસ્કારથી અંધ બન્યા છીએ.

તિરસ્કાર એ ખૂન છે (1 યોહાન 3:15). જ્યારે કડવાશથી કામ કરીએ છીએ ત્યારે આપણે ખૂનનો આશરો લઈએ છીએ. જે વ્યક્તિએ આપણને ઠેસ પહોચાડી છીએ ત્યારે તેના ચારિત્રનું, પ્રતિષ્ઠાનું, માનનું કે વ્યક્તિનું ખૂન કરતાં અચકાતાં નથી. ક્યારેક આ બાબતને આપણે સર્વસમાન્ય રીતે બધા લોકો માટે કરીએ છીએ. આપણે કહીએ છીએ કે “બધા આ જ પ્રકારના હોય છે.”  એક ઠોકર, જે હ્રદયમાં પ્રવેશે છે, જે કડવાશને ઉભી કરે છે જે સર્વસામાન્ય બધા લોકો માટે તિરસ્કાર કરાવે છે.

આ પ્રકારની નકારાત્મક લાગણીઓને જો શરૂઆતથી જ દબાવી દેવામાં ન આવે તો આપણને મુશ્કેલીમાં મૂકે છે અને આપણાં માટે નુકશાનકારક બને છે.

## ઠોકરને આગળ વધવા દેશો નહીં

હિબ્રૂ ઓને પત્ર 12:15, આપનું ધ્યાન દોરે છે કે કડવાશને સહજતાથી લેવામાં આવે તો તે આપણાં હ્રદયમાથી આપણી આસ-પાસના લોકોના હ્રદયોમાં પ્રસરે છે.

જ્યારે આપણે ઠેસ કે ઠોકરના પ્રત્યાઘાતરૂપે કાર્ય કરીએ છીએ ત્યારે આપણે બીજા લોકોમાં ઠોકરના પ્રત્યાઘાતની લાગણીને પ્રસારીએ છીએ, વહેચીએ છીએ કે ફેલાવવી છીએ. આપણે જે કહીએ છીએ તે દ્વારા તેમના વિચારો, કારણો અને દ્રષ્ટિકોણને અસ્પષ્ટ કરીએ છીએ.

**રોમનોને પત્ર 16:17**
**હવે, હે ભાઈઓ, હું તમને વિનંતી કરું છું કે જે બોધ તમને મળ્યો છે તેથી વિરુદ્ધ જેઓ તમારામાં ફૂટ પાડે છે ને ઠોકરરૂપ થાય છે, તેઓ ને ધ્યાનમાં રાખીને તમે તેઓનાથી દૂર રહો.**

## નક્કી કરો કે અડચણરૂપ કે ઠોકરરૂપ ન બનવું

**રોમનોને પત્ર 14:10,13**
**10 પણ તું પોતાના ભાઈને કેમ દોષિત ઠરાવે છે? અથવા તું પોતાના ભાઈને કેમ તુચ્છ ગણે છે? કેમકે આપણે સર્વને દેવના ન્યાયાસનની આગળ ઊભા રહેવું પડશે.**
**13 તો હવેથી આપણે એક બીજાને દોષિત ઠરાવીએ નહીં; પણ તેના કરતાં કોઈએ પોતાના ભાઈના માર્ગમાં ઠેસ કે ઠોકર કશું મૂકવું નહિ, એવો નિશ્ચય કરવો, તે સારું છે.**

પાઉલ પ્રેરિત રોમનોને પત્ર 14મા અધ્યાયમાં સત્યને આગળ ધપાવતા જણાવે છે કે વિશ્વાસીઓ ખોરાક, ખાસ પ્રકારના દિવસો, સંસ્કૃતિ વિગેરે અંગે ભિન્ન ભિન્ન રીતે વિચારતા હોય છે. પ્રેરિત પાઉલ વિશ્વાસીઓને ઠપકો આપતા જણાવે છે કે, વિશ્વાસીઓ તરીકે આ બાબતે એક બીજાનો ન્યાય ન કરવો જોઈએ. આપણાંમાના દરેકે સંપૂર્ણ સમજી વિચારીને આપણાં મનોમાં એ વાત ઠ્સાવવાની છે કે દરેક બાબતનો દેવને હિસાબ આપવો પડશે. ગમે તેમ હોય, જ્યારે આપણને આ બાબતની સ્વતંત્રતા આપવામાં આવી છે એટલે સાવચેતીપૂર્ણ આગળ વધતાં બીજાઓને માટે ઠોકરરૂપ ન બનવું અથવા કોઈએ એવું કૃત્ય ન કરવું કે જેથી અન્ય વિશ્વાસીઓને નુકશાન થાય કે પતન થાય.

રોમનોને પત્ર 14:13માં "ઠોકરરૂપ ખડક" શબ્દ છે તે ગ્રીક ભાષામાં "*proskomma*" છે જેનો અર્થ થાય છે "એવો અવરોધ કે આડખીલી ઊભી કરવી કે કોઈનો પગ અથડાય." કોઈના માટે આડખીલીરૂપ બનવું જેનો ગ્રીક અર્થ "*skandalon*" થાય છે, જેના વિષે આપણે શરૂઆતમાં વાત કરી છે.

વિશ્વાસીઓ તરીકે આપણે એકબીજાને નડતરરૂપ કે અડચણરૂપ ન બનવું જોઈએ.

જેનું કોઈ પરિણામ આવવાનું નથી તેવી બ્બતો અંગે જ્યારે આપણે દેવની જગ્યા લઈને એક બીજાનો ન્યાય કરવાનું શરૂ કરીએ છીએ ત્યારે આપણે એકબીજાને અડચણરૂપ કે ઠોકરરૂપ બનીએ છીએ (રોમનોને પત્ર 14:4) જ્યાં ખુદ પ્રભુએ આપણને પોતાની પસંદગીઓ બનાવવા અને તેના માટે જવાબદાર રહેવાની સ્વતંત્રતા આપી છે (રોમનોને પત્ર 14:12)

જ્યારે આપણે તિરસ્કાર, નીચા દેખાડવું, તુચ્છ, દુષ્ટ, વગેરે બતાવીએ છીએ અને વિચારીએ છીએ કે અન્ય લોકો કરતાં આપણે સારા છીએ ત્યારે આપણે અન્યો માટે અડચણરૂપ કે ઠોકરરૂપ બનીએ છીએ.

ખુબ કહેવામા આવ્યું અને કરવામાં આવ્યું, આપણે ઈરાદાપૂર્વક પસંદગી કરવાની છે કે બીજાઓ માટે ઠોકરરૂપ ન બનીએ અને ઠોકરના પ્રત્યાઘાતરૂપી કાર્ય ન કરીએ.

## પ્રતિબિંબ

1. ઠોકરરૂપ બનેલ હ્રદય ઘાયલ હ્રદય છે. ઠોકરને પકડી રાખવાથી આપણને વ્યક્તિગત રીતે શું અસર થાય છે?
2. ઠોકરોમાંથી પસાર થવાથી કઈ કઈ નકારાત્મક લાગણીઓ પેદા થાય છે? તે કઈ રીતે આપણને તથા આપણી આસપાસનાઓને અસર પહોચાડે છે?
3. રોમનોને પત્ર 14:10,13 મુજબ કઈ કઈ બાબતોમાં આપણે ન જોડાવું જોઈએ કે, અને તેની ખાતરી આપવી જોઈએ, કે અડચંણરૂપ કે ઠોકરરૂપ નહીં બનીએ?

# 5. પ્રેમ આપણને મુક્ત રાખે છે

અગાઉના પ્રકરણમાં આપણે ચાર મહત્વપૂર્ણ હ્રદયસ્પર્શી પસંદગીઓ વિષે ચર્ચા કરી કે જ્યારે આપણને ઠેસ કે ઠોકર આવે ત્યારે આપણે શું કરવું જોઈએ:

1. જતું કરવું.
2. રોમનોને પત્ર ૧૨: ૧૭-૨૧ પ્રમાણે પ્રત્યુતર વાળવો અને પ્રભુ આપણો બચાવ કરે તે માટે માર્ગ મોકળો કરવો.
3. અભિમાન આપણાં હ્રદય પર રાજ ન કરે તેનું ધ્યાન રાખવું.
4. ઠેસ કે ઠોકર આવે ત્યારે તેની સામે બદલો લેવાની ભાવના ન રાખીવી.

આ અધ્યાયમાં પાંચમી મહત્વપૂર્ણ હ્રદયસ્પર્શી પસંદગી વિશે દર્શાવવામાં આવ્યું છે કે જ્યારે આપણને ઠોકર કે ઠેસનો અનુભવ થાય ત્યારે આપણે પ્રેમમાં ચાલવા અંગે ઈરાદાપૂર્વક પસંદગી કરવાની છે. પ્રેમ આપણાં હ્રદયને શુધ્ધ, સાફ અને મુકત રાખે છે.

## પ્રેમ હ્રદયને સાફ કરે છે

**યોહાનનો પહેલો પત્ર 2:10**
**જે કોઈ પોતાના ભાઈ પર પ્રેમ રાખે છે, તે પ્રકાશમાં રહે છે, અને તેનામાં ઠોકર ખાવાનું કારણ નથી.**

ઠોકરનું સૌથી મોટું મારણ દેવનો પ્રેમ છે જે આપણાંમાથી વહે છે.

જ્યારે આપણે ઠોકર ખાઈએ છીએ, અપમાનિત અને ક્રોધિત બનીએ છીએ ત્યારે આપણને દુ:ખ થાય છે. તે જ ક્ષણે દેવના પ્રેમને આમંત્રણ આપીએ કે જે દેવના આત્મા દ્વારા (રોમનોને પત્ર 5:5) આપણી ઉપર રેડવામાં આવ્યો છે કે જેથી તે આપણાંમાથી આપણાં માટે અને તે વ્યક્તિ કે લોકો જેઓ ઠોકરરૂપ બન્યા છે તેમના માટે વહેતો થાય.

જ્યારે આપણે આમ કરવાનું પસંદ કરીએ છીએ, પ્રેમવશ હ્રદય ધરાવીએ છીએ, આપણે પ્રકાશને અનુસરીએ છીએ. દેવનો પ્રકાશ આપણાં અસ્તિત્વને પ્રકાશિત કરે છે. આપણું હ્રદય શુધ્ધ, સાફ અને મુકત છે. ઠોકર ("*skadalon*")ને આપણી ભીતર કોઈ સ્થાન નથી. એવું કશું જ નથી જે આપણને ફસાવી શકે કે ફાંદામાં નાખી શકે. પ્રેમ ઠોકરને કોઈ તક જ આપતો નથી. પ્રેમ અને ઠેસ કે ઠોકર વ્યક્તિમાં એક સાથે રહી ન શકે.

આપણાં જીવનમાં દેવના પ્રેમ સાથે, આપણે એ લોકોને માફી અને આશિષ આપીએ છીએ જેઓ આપણાં માટે ઠેસ કે ઠોકરરૂપ બન્યા છે.

હવે આપણે એ લોકો કે વ્યક્તિ સાથે આપણાં હ્રદયમાં રહેલ પ્રેમથી વાત કરવી જોઈએ જેઓ આપણાં માટે ઠેસ કે ઠોકરરૂપ બન્યા હોય. આપણે તેઓનું ધ્યાન દોરવું જોઈએ કે તેમના દ્વારા આપણને કેવી દુ:ખની લાગણી થઈ છે. અને આપણે આ બાબતો કોઈજ પ્રકારના ગુસ્સા, દુ:ખ, બદલો લેવાની ભાવના વગર કે નબળી ઈચ્છા સિવાય તેઓને પ્રેમ પ્રગટ કરવા તત્પર છીએ, આત્માથી માફ કરવાની રીતે અને પ્રેમથી, આપણે તેમ કરવા માટે સક્ષમ છીએ.

## પ્રેમ સર્વ પર વિજય હાંસલ કરે છે

**નીતિવચન 10:12**
**દ્વેષથી ટંટા ઊભા થાય છે; પણ પ્રીતિ સર્વ આપરાધોને ઢાંકી દે છે.**

**નીતિવચન 17:9**
**દોષને ઢાંકનાર પ્રીતિ શોધે છે; પણ અમુક બાબત વિષે બોલ્યા કરનાર ઇષ્ટ મિત્રોમાં અંતર પાડે છે.**

જ્યારે આપણે પ્રેમમાં આગળ વધીએ છીએ ત્યારે ઠોકરની સાથે બદલો લેવા કરતાં વળતો પ્રહાર નહીં કરવાનું વલણ અપનાવીએ છીએ. આપણે તેઓના ખોટા કાર્યોને કે તેઓએ જે કઈ કર્યું કે જેના થકી આપણને ઠોકર લાગી છે તેને ઢાંકવા માંગીએ છીએ.

આપણે બીજા લોકો માટે આપણા દ્વારા બોલાતા શબ્દો બાબતે સભાન બનીએ છીએ. આપણે આ બાબતને એવી રીતે પુનરાવર્તિત કરવાનો ઇન્કાર કરીએ છીએ  કે તે ખરેખર કોણ છે,

તેને વિકૃત કરે છે, અસ્વસ્થ કે ખંડન કરે છે. તેઓની અને બીજાઓની વચ્ચે આપણાં શબ્દો થકી કોઈ તકરાર ન થાય તે સંબંધી આપણે સાવચેત થઈ જઈએ છીએ.

આ એ પ્રેમ છે જે સર્વ પર વિજય પ્રાપ્ત કરે છે. આ એ પ્રેમ છે જે ઠોકરો પર વિજય પ્રાપ્ત કરે છે. આ એ વિજય છે જે શત્રુની જાળ, આડખીલીરૂપ હરકતો કરવાની રાહ જોઈ બેઠેલા શેતાન શત્રુ પર જય પ્રાપ્ત કરે છે.

## પ્રેમ કરો, સંજોગો ગમે તે હોય

**યોહાનનો પહેલો પત્ર 4:11**
**વ્હલાઓ, જો દેવે આપણા પર એટલો બધો પ્રેમ કર્યો છે, તો આપણે પણ એકબીજા પર પ્રેમ કરવો જોઈએ.**

ઠોકરરૂપી સંજોગોમાં દેવના પ્રેમે પ્રેમ કરવો તે કોઈ મામૂલી બાબત નથી. એવા અનેક કારણો છે કે આપણને લાગે છે આપણાં અપરાધીને આપણાં તરફથી આવો પ્રતિષાદ મળવો જોઈએ નહિ. આપણે આપણી જાતને યાદ દેવડાવીએ કે દેવે આપણાં પર કેટલો બધો પ્રેમ કર્યો છે, કે જેનું વર્ણન ન થઈ શકે, તેને માપી ન શકાય એવો અનંત પ્રેમ, તો ત્યાં આપણી સામે ના વ્યક્તિ ઠોકરરૂપ બનનારને પ્રેમ કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ રહેતો નથી. સંજોગો કોઈ પણ હોય, જેણે ઠોકરરૂપ બનવાનું કાર્ય કર્યું છે, તેને પ્રેમ પ્રગટ કરવા સિવાય બીજું શું કરીએ!

## પ્રેમ આચરણમાં, ફક્ત શબ્દથી નહીં.

**યોહાનનો પહેલો પત્ર 3:18**
**મારા નાના છોકરાઓ, તમે ફક્ત શબ્દોમાં અને જીભથી પ્રેમ કરનારા ન બનો, પરંતુ તેને કૃત્યમાં તથા સત્યમાં પ્રગટ થવા દો.**

**રોમાનોને પત્ર 12:9**
**તમારો પ્રેમ ઢોંગ વગરનો હોય....**

આ કોઈ એવી બાબત નથી કે જેને આપણે બૌધિક અને પદ્ધતિસર રીતે કરીએ, પરંતુ વાસ્તવિકરૂપે જીવનમાં કરતાં હોઈએ તે રીતે. આપણો પ્રેમ સાચો હોય, ન્યાયી હોય, વાસ્તવિક

હોય, આપણા હ્રદયોમાથી વહેતો હોય. જે ભૂતકાળને ભૂંશી નાખતો હોય, અપરાધીને અપરાધ ભૂલાવે. આ રીતે આપણે જીવીએ.

પ્રેમ અપરાધીને જ મુક્ત કરે છે એમ નહીં આપણને પણ મુક્ત કરે છે. આપણે સાફ, શુધ્ધ અને મુક્ત બનીએ છીએ.

પ્રેમ આપણને અપરાધની ઉપરવટ જીવન જીવવા મુક્ત કરે છે. હંમેશા અપરાધની ઉપરવટ જીવો. હંમેશા પ્રેમમાં જીવો.

## પ્રતિબિંબ

1. કોઈ એવી વ્યક્તિ (લોકો) છે, કે જેઓએ તમને ઠોકર આપી છે તેમના પ્રતિ પ્રેમ પ્રગટ કરવાનો છે? થોડો સમય આ પ્રકરણમાં જણાવેલ બાબતો સંબંધી વિચાર કરો અને જ્યાં પ્રેમ પ્રગટ કરવાની જરૂર છે ત્યાં તેને આચરણમાં મૂકો.

# ઓલ પીપલ્સ ચર્ચ સાથે સહભાગીતા

ઓલ પીપલ્સ ચર્ચ પોતાની સ્થાનિક મંડળીની સરહદો વટાવી સમગ્ર ભારતના ખ્રિસ્તી સમુદાયને, વિશેષ કરીને, ઉત્તર ભારતમાં, સેવાઓ આપે છે. વિશેષ સેવાઓ જેવી કે, (૧) આગેવાની મજબૂત કરવી, (૨) યુવાનોને સેવા માટે સંપન્ન કરવા, અને (૩) ખ્રિસ્તના શરીર, મંડળીને બાંધવી. વર્ષ દરમ્યાન યુવાનો માટે તાલીમ શિબિરો અને ખ્રિસ્તી આગેવાનો માટે પરિષદોનું આયોજન કરવામાં આવે છે. વધારામાં, વિશ્વાસીઓને વચનમાં અને આત્મામાં મજબૂત કરવાનાં હેતુસર અસંખ્ય પ્રકાશનોનું અંગ્રેજીમાં અને ભારતની અન્ય ભાષાઓમાં મફત વિતરણ કરવામાં આવે છે.

અમે આપને અમારી સેવામાં સહબાગીદર થવા આમંત્રિત કરીએ છીએ. આપ આપનો નાણાકીય સહયોગ વન ટાઈમ કે માસિક દાન સ્વરૂપે આપી શકો છો. આપના દ્વારા આપવામાં આવેલ નાનામાં નાના દાનની અમે કદર કરીએ છીએ જે અમારી ભારતભરની સેવાઓમાં મદદરૂપ બનશે.

આપ આપનો નાણાકીય સહયોગ વન ટાઈમ કે માસિક દાન ચેક કે બેન્ક ડ્રાફ્ટ "ઓલ પીપલ ચર્ચ, બેંગ્લોર" ના નામે અમારા કાર્યાલયના સરનામા પર મોકલી શકો છો. આપ આપનો નાણાકીય સહયોગ નીચે દર્શાવેલ બેન્કની વિગત પર સીધા અમારા ખાતામાં જમા પણ કરાવી શકો છો.

Account Name: All Peoples Church
Account Number: 0057213809
IFSC Code: CITI0000004
Bank: Citibank N.A., No. 5, M.G. Road, Bengaluru, Karnataka 560001

***વિશેષ નોધ:*** ઓલ પીપલ્સ ચર્ચ ફક્ત ભારતીય બૅંકના ખાતા દ્વારા નાણાં સ્વીકારી શકે છે. જ્યારે આપ દાન આપો છો ત્યારે, આપ દર્શાવી શકો છો કે તે દાન ઓલ પીપલ ચર્ચની સેવાઓ પૈકી કયા હેતુસર મોકલવામાં આવ્યુ છે. વધુ જાણકારી માટે કૃપા કરી અમારી વેબ સાઇટ **apcwo.org/give**ની મુલાકાત લેવા નમ્ર અરજ કરીએ છીએ.

વધુમાં, અમોને અને અમારી સેવાઓને તમારી પ્રાર્થના યાદ રાખશો.
**આભાર અને પ્રભુ તમને આશીર્વાદિત કરે!**

# FREE PUBLICATIONS

A Church in Revival*
A Real Place Called Heaven
A Time for Every Purpose
Ancient Landmarks*
Baptism in the Holy Spirit
Being Spiritually Minded and Earthly Wise
Biblical Attitude Towards Work
Breaking Personal and Generational Bondages
Change*
Code of Honor
Divine Favor*
Divine Order in the Citywide Church
Don’t Compromise Your Calling*
Don’t Lose Hope
Equipping the Saints
Foundations (Track 1)
Fulfilling God’s Purpose for Your Life
Gifts of the Holy Spirit
Giving Birth to the Purposes of God*
God Is a Good God
God’s Word
How to Help Your Pastor
Integrity
Kingdom Builders
Laying the Axe to the Root
Living Life Without Strife*
Marriage and Family
Ministering Healing and Deliverance
Offenses-Don’t Take Them
Open Heavens*
Our Redemption
Receiving God’s Guidance
Revivals, Visitations and Moves of God
Shhh! No Gossip!
Speak Your Faith *
The Conquest of the Mind
The Father’s Love
The House of God
The Kingdom of God
The Mighty Name of Jesus *
The Night Seasons of Life
The Power of Commitment*
The Presence of God
The Redemptive Heart of God
The Refiner’s Fire
The Spirit of Wisdom, Revelation and Power*
The Wonderful Benefits of speaking in Tongues
Timeless Principles for the Workplace
Understanding the Prophetic
Water Baptism
We Are Different*
Who We Are in Christ
Women in the Workplace
Work Its Original Design

ઉપર દર્શાવેલ અમારા પ્રકાશનો અમારી વેબ સાઇટ **apcwo.org/books**. પરથી વિનામુલ્યે ડાઉનલોડ થઈ શકે છે. ઘણા પ્રકાશનો અન્ય ભાષાઓમાં પણ ઉપલબ્ધ છે. આપની જરૂરિયાત મુજબના પ્રકાશનો માટે કૃપા કરી bookrequest@apcwo.orgપત્ર દ્વારા મંગાવી શકો છો.

*ફક્ત pdfફોર્મેટ જ ઉપલબ્ધ

આપ અમારી વેબ સાઇટ **apcwo.org/sermons**.દ્વારા ઑડિયો/વિડીયો તથા ઉપદેશ નોંધ વગેરે મેળવી શકો છો.

# ઓલ પીપલ્સ ચર્ચ વિષે

ઓલ પીપલ્સ ચર્ચ (APC)નું દર્શન છે કે બંગલોર શહેરમાં મીઠું તથા પ્રકાશ અને ભારત અને વિશ્વના દેશો માટે અવાજ બનવું.

ઈશ્વરના વચનને કોઈપણ જાતના સમાધાન કર્યા સિવાય સંપૂર્ણ સ્વરૂપે પવિત્ર આત્માના અભિષિક્તપણામાં અને નિર્દિષ્ટ કરવા APC(ઓલ પીપલ ચર્ચ)સમર્પિત છે. અમે માનીએ છીએ કે સારું સંગીત, સર્જનાત્મક રજૂઆત, વિદ્વાન માફી, સમકાલીન સેવાકીય તકનીકી પધ્ધતિઓ, નવીનત્તમ તકનિક અને અન્ય દ્વારા ચિન્હો, આશ્ચર્યો, ચમત્કારો અને પવિત્ર આત્માના કૃપાદાનો ક્યારેય પવિત્ર આત્માના સામર્થ્યમાં વચનને પોકારવાની ઈશ્વર દ્વારા સ્થાપિત પધ્ધતિને બદલી શકે નહીં. (૧ કોરોન્થી ૨:૪-૫; હિબ્રુ ૨:૩-૪). અમારો મુદ્દો ઇસુ છે, અમારી સામગ્રી ઈશ્વરનું વચન છે, અમારી પધ્ધતિ પવિત્ર આત્માનું સામર્થ્ય છે, અમારું ઝનૂન નાશમાં જતાં લોકો છે, અમારો ધ્યેય ઇસુ સમાન પરિપક્વતા છે.

બેંગલોર ખાતેના અમારા મુખ્ય મથકસહિત ભારતમાં અન્ય ઘણા સ્થળોએ ઓલ પીપલ્સ ચર્ચની શાખાઓ આવેલી છે. ઓલ પીપલ્સ ચર્ચની સેવાઓ તથા સ્થળોની માહિતી માટે અમારી વેબ સાઇટ www.apcwo.org/locations સંપર્ક કરી શકો છો અથવા **contact@apcwo.org** પર પત્ર લખી શકો છો.

# તમે જાણો છો દેવ તમને પ્રેમ કરે છે?

૨૦૦૦ વર્ષ પેલા આ જગતમાં પ્રભુ માણસ બનીને આવ્યા, તેઓ સંપૂર્ણ અને નિષ્કલંક જીવન(પાપરહિત) જીવ્યા ઇસુ શરીરમાં ઈશ્વર હોવાને કારણે, તેમણે જે કહ્યુ ને કર્યું તે દરેક આપણને પ્રગટ કર્યું છે. જે શબ્દો તે બોલ્યા તે દેવના ખરા શબ્દો હતા. જે કૃત્યો તેમણે કર્યા તે બતાવે છે કે ઈશ્વર કાર્યરત છે. ઇસુએ આ જગતમાં ઘણા ચમત્કારો કર્યા, તેમણે માંદાઓને સાજા કર્યા, અને દુ:ખીઓના દુ:ખ મટાડ્યા. તેમણે આંધળાઓની આંખો ખોલી, બહેરાઓને સાંભળતા કર્યા. બોબડાઓને બોલતા કર્યા અને લંગડાઓને ચાલતા કર્યા. અનેક રોગીઓને તેઓના રોગોમાથી સાજા કરી છુટકારો આપ્યો.

**આ બધા જ પ્રકારના કાર્યો દ્વારા ઈશ્વર આપણને એ રીતે પ્રગટ થાય છે કે ઈશ્વર ભલા છે અને તેઓ આપણે સાજા, તાજા, તંદુરસ્ત અને આનદમય જોવા માંગે છે. દેવ લોકોની જરૂરિયાતો પૂરી પાડવા માંગે છે અને પૂરી પાડે છે.**

પ્રશ્ન એ ઉભો થાય છે કે ઈશ્વરે શા માટે માણસ બનીને પૃથ્વી પર આવવાનું નક્કી કર્યું? શા માટે ઇસુ આ જગતમાં આવ્યા?

જે ઈશ્વરે આપણને બનાવ્યા હતા તે જ ઈશ્વરની વિરુદ્ધમાં અને તેમને સ્વીકાર્ય ન હોય તેવા કાર્યો આપણ સર્વેએ કર્યા અને આપણે સઘળાએ પાપ કર્યા. પાપ તેનું એક કારણ બની ગયું. પાપ આપણી અને ઈશ્વરની વચ્ચે ઓળંગી ન શકાય તેવી દિવાલ બની ગયું. પાપ આપણને ઈશ્વરથી વિખૂટા પાડી દે છે. પાપ આપણને ઈશ્વરને કે જેણે આપણને સૃજ્યા છે તેમને ઓખળતા અને તેમની સાથે અર્થપૂર્ણ સબંધ રાખતા અટકાવે છે. તેથી આપણાંમાના ઘણા બધા અન્ય બાબતોથી ખાલી જગ્યા ભરવા માટે પ્રયત્ન કરીએ છીએ. પાપનું બીજું એક પરિણામ છે કે તે આપણને અનંતકાળીક રીતે ઈશ્વરથી અલગ કરે છે. ઈશ્વરની અદાલતમા પાપનો દંડ માત્ર મૃત્યુ છે. મૃત્યુ આપણને સદાને માટે ઈશ્વરથી અલગ કરે છે નર્કમાં લઈ જાય છે.

પરંતુ સુસમાચાર એ છે આપણે પાપથી છૂટકારો પામીને ઈશ્વર સાથે પુનઃસ્થાપિત થઈ શકીએ છીએ. બાઇબલ કહે છે, "પાપનો મુસારો મરણ છે, પણ આપણાં પ્રભુ ઇસુ ખ્રિસ્તને આશરે દેવનું કૃપાદાન અનંતજીવન છે" (રોમન ૬:૨૩) ઇસુ જ્યારે વધસ્તંભ પર મરણ પામ્યા ત્યારે તેમણે સમગ્ર માનવજાતના પાપોને માટે કિંમત ચૂકવી. ત્યારબાદ, તેઓ ત્રણ દિવસ પછી પાછા ઉઠ્યા, ઘણા બધાને બતાવ્યુ કે તેઓ જિવંત છે અને સ્વર્ગમાં પાછા જતાં રહ્યા.

ઈશ્વર પ્રેમ અને કરુણાના ઈશ્વર છે. તેઓ એવું નથી ઇચ્છતા કે કોઈ વ્યક્તિ નાશ પામે અને નરકમાં જાય. જેથી કરીને તેઓ પૃથ્વી પર આવ્યા, અને સમગ્ર માનવજાતને માટે પાપથી અને તેના પરિણામોથી છૂટકારાનો માર્ગ પૂરો પાડ્યો. તેઓ પાપીઓને, મારા અને તમારા જેવા અનેકોને, પાપથી છોડાવવા અને અનંતકાળીક નાશથી બચાવવા આવ્યા.

પાપની મફત માફી મેળવવા માટે, બાઇબલ કહે છે તે મુજબ આપણે માત્ર એક જ બાબત કરવાની છે-ઇસુ ખ્રિસ્તે વધસ્તંભ પર જે મરણ સહન કર્યું તે સ્વીકારીએ અને પૂર્ણ હૃદયે તેના પર વિશ્વાસ કરીએ.

**....જે કોઈ તેના નામ પર વિશ્વાસ કરે છે તે તેના નામથી પાપની માફી પામશે." (પ્રે.કૃ. ૧૦:૪૩)**

**"જો તું તારે મોઢે ઇસુને પ્રભુ તરીકે કાબુલ કરીશ, અને દેવે તેણે મુએલામાથી પાછો ઉઠાડયો, એવો વિશ્વાસ તારા અંતઃકરણમાં રાખીશ, તો તું તારણ પામીશ" (રોમન ૧૦:૯)**

જો તમે ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ રાખો તો, તમે પણ માફી મેળવીને તમારા પાપોથી શુધ્ધ થઈ શકો છો.

અહીં નીચે એક સરળ પ્રાર્થના આપવામાં આવી છે જે તમને પ્રભુ ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરવામાં અને તેઓએ વધસ્તંભ પર તમારા માટે જે કર્યું તે અંગેનો નિર્ણય લેવામાં મદદરૂપ થશે. આ પ્રાર્થના તમને તમારા વિશ્વાસને પ્રમાણિત કરવા મદદરૂપ થશે કે ઇસુએ તમારા માટે વધસ્તંભ પર પાપથી છોડાવવા અને શુધ્ધ કરવા કેવું અદભૂત કાર્ય કર્યું છે. પ્રાર્થના માત્ર તમને માર્ગદર્શન માટે જ છે. તમે તમારા પોતાના શબ્દો અને ભાવના વાપરીને પણ પ્રાર્થના કરી શકો છો.

*પ્રિય પ્રભુ ઇસુ, આજે, મને સમજાયું છે કે તમે મારા માટે વધસ્તંભ પર કેવું અદભૂત કાર્ય કર્યું છે. મારા માટે મૃત્યુ પામ્યા, તમારુ મૂલ્યવાન રક્ત વહેવડાવ્યું અને મારા પાપોને માટે કિંમત ચૂકવી કે જેથી મને માફી મળે. બાઇબલ મને જણાવે છે કે જે કોઈ તમારા પર વિશ્વાસ કરે છે તેઓ તેમના પાપોથી મુક્તિ મેળવે છે.*

*આજે, હું નિર્ણય કરું છુ કે હું તમને પ્રભુ તરીકે સ્વિકારુ છુ અને તમે મારા માટે વધસ્તંભ ઉપર મૃત્યુ પામ્યા અને મરણમાંથી સજીવન થયા એવો વિશ્વાસ કરું છુ. હું જાણું છુ કે હું મારા સારા કાર્યોથી મારો બચાવ કરી શકતો નથી કે અન્ય કોઈ વ્યક્તિ મને બચાવી શકે એમ નથી હું મારા પાપોની માફી માટે અન્ય કોઈ ઉપાય કરી શકતો નથી.*

*આજે, હું મારા હ્રદયમાં વિશ્વાસ કરું છુ અને મારા મોંઢાથી કબુલ કરું છુ કે તમે મારા માટે મૃત્યુ પામ્યા, તમે મારા પાપોની માફીને માટે કિંમત ચૂકવી, તમે મારા માટે મૃત્યુમાથી સજીવન થયા, અને તમારા પરના મારા વિશ્વાસે કરીને મને પાપોની માફી અને શુધ્ધતા મળી છે.*

*ઇસુ પ્રભુ તમારો આભાર, તમને પ્રેમ કરવામાં, તમને વધુ ઓળખવામાં અને તમને વિશ્વાસુ બની રહેવામાં મને મદદરૂપ થજો આમેન*


# DOWNLOAD THE FREE APP!

*Search for*

"All Peoples Church Bangalore"
in the App or Google play stores.

Available on the App Store

ANDROID APP ON Google play




*A daily 5-minute video devotional.*
*A daily Bible reading and prayer guide.*
*5-minute Sermon summary.*
*Toolkit with Scriptures on various topics to build faith and information to share the Gospel.*
*Resources with sermons, sermon notes, TV programs, books, music and more.*

*IF YOU LOVE IT, TELL OTHERS ABOUT IT!*

# ઓલ પીપલ્સ ચર્ચ
# બાઈબલ કોલેજ અને મિનિસ્ટ્રી ટ્રેનિંગ સેંટર

ઓલ પીપલ્સ ચર્ચ બાઈબલ કોલેજ અને મિનિસ્ટ્રી ટ્રેનિંગ સેંટર (APC-BC), દ્વારા ભારતના બેંગલોર શહેર ખાતે, આત્માથી ભરપૂર, અભિષિક્ત, હાથવગી તાલીમ, પવિત્ર આત્માની અલૌકિક શક્તિની સાથે સાથે સૈધ્ધાંકિત નિપૂણતા અને વૈચારિક ઉત્તેજના વડે સેવાને સમૃધ્ધ કરવા ઈશ્વરના વચનોનો અભ્યાસ પૂરો પાડવામાં આવે છે. અમે માનીએ છીએ કે વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે ઈશ્વરના ગુણો તાદ્રશ્ય કરે તેવા, વચનમાં ઊંડે સુધી મૂળ નાંખેલા, ચિન્હો, આશ્ચર્યો, ચમત્કારોને શક્તિશાળી રીતે પ્રદર્શિત કરે – આ બધી જ બાબતો ઈશ્વર સાથેના ગાઢ સંબંધમાં વહેતી થાય.

APC-BC ખાતે, નિપૂણ શિક્ષણની સાથે સાથે, અમે એ બાબત પર ખાસ ભાર મૂકીએ છીએ કે ઈશ્વરના પ્રેમને પ્રદર્શિત કરવામાં આવે, પવિત્ર આત્માની હાજરી અને ઈશ્વરના સર્વશક્તિમાન કાર્યો અભિષિક્ત થાય. અસંખ્ય યુવા ભાઈઓ અને બહેનોને તાલીમ આપીને મોકલવામાં આવ્યા છે કે જેથી તેઓ તેમના જીવનમાં ઈશ્વરીય એડાને પુર્ણ કરી શકે.

અમે ત્રણ પ્રકારના કાર્યક્રમો ચલાવીએ છીએ:

- ઈશ્વરવિદ્યા અને ખ્રિસ્તી સેવામાં એક વર્ષનો સર્ટિફિકેટ અભ્યાસક્રમ (C.Th)
- ઈશ્વરવિદ્યા અને ખ્રિસ્તી સેવામાં બે વર્ષનો ડિપ્લોમા અભ્યાસક્રમ (Dip.Th)
- ઈશ્વરવિદ્યા અને ખ્રિસ્તી સેવામાં ત્રણ વર્ષનો સ્નાતક અભ્યાસક્રમ (B.Th)

**સોમવાર થી શુક્રવાર ૯:00 થી ૧:00 દરમ્યાન દરરોજ વર્ગો ચલાવવામાં આવે છે. બહારથી અભ્યાસ કરતાં, કાર્યરત વ્યવસાયીઓ અને ગૃહસ્થો પણ તેઓના કામ પૂરા કર્યા બાદ ૧:00 વાગ્યા પછી વર્ગોમાં હાજરી આઓઈ શકે છે અને અભ્યાસ ચાલુ રાખી શકે છે. જેઓ રહેવાસી વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરવા માંગે છે તેવા પુરુષો અને બહેનો માટે અલગ અલગ છાત્રાલયોની વ્યવસ્થા છે. સપ્તાહના ચાલુ દિવસો દરમ્યાન, ૨:00 થી ૫:00 દરમ્યાન વિદ્યાર્થીઓ ફિલ્ડ વર્ક, વિશેષ શિબિરોમાં, બપોર પછીના પ્રાર્થના અને સ્તુતિના કાર્યક્રમોમાં ભાગ લે છે. જેઓ બહારથી અભ્યાસ કરે છે તેવા વિદ્યાર્થીઓએ માટે બપોર પછીના સેશન વૈકલ્પિક રાખવામા આવ્યા છે. શનિવાર અને રવિવારની સ્થાનિક મંડળીઓમાં સેવા આપવા માટે ઉતેજન આપવામાં આવે છે. કોલેજ, અભ્યાસક્રમ, યોગ્યતા, અભ્યાસનો ખર્ચ વિગેરે માહિતી માટે અને અરજી કરવા માટે કૃપા કરી apcbiblecollege.org ની મુલાકાત લેશો.**

APC-BC is accredited by the Nations Association for Theological Accreditation (NATA).

જીવનમાં, તમામ પ્રકારની હરકતો ઠોકરરૂપ બની શકે છે.  આપણે એકવાર ઠોકરને આપણાં પર હાવી થવા દઈએ છીએ ત્યારે તે આપણાં અંતરમાં એક કરતાં વધુ રીતે અસરો ઉપજાવે છે જેની આપણે કલ્પના પણ કરી હોતી નથી. વ્યક્તિ અપરાધભાવને કારણે તદ્દન બુધ્ધિહીન અને ચરિત્રહીન રીતે વિચારે છે, બોલે છે અને વર્તન કરે છે.  આજ બાબત જ્યારે મંડળીકીય જીવનમાં, પ્રભુના લોકો મધ્યે બને છે ત્યારે ખૂબ જ દુ: ખજનક બાબતો બને છે!

બાઇબલ આ સંબંધી શું કહે છે? ઠોકરરૂપ બાબતોનો આપણે કેવી રીતે પ્રતિભાવ આપવો જોઈએ? જ્યારે જ્યારે આપણે આવી ઠોકરોનો સામનો કરીએ છીએ અને જે નકારાત્મક બાબતો આપણી પર હાવી થાય છે ત્યારે આપણે કેવું વર્તન કરીએ છીએ? આશા રાખું છું કે આ નાની સરળ અભ્યાસપુસ્તિકામાં, આપણને એવા પ્રશ્નોનાં સરળ જવાબ મળી રહેશે અને જાણવા મળશે કે ઠોકરોથી સંપૂર્ણપણે મુક્ત કેવી રીતે થઇ શકાય?

હંમેશા આવનાર ઠોકરો ઉપર વિજયી બનીએ.

ઈશ્વર આશિષ આપો

આશિષ રાયચુર

All Peoples Church & World Outreach
# 319, 2nd Floor, 7th Main, HRBR Layout,
2nd Block, Kalyan Nagar, Bangalore 560 043 Karnataka, INDIA

Phone: +91-80-25452617
Email: contact@apcwo.org
Website: apcwo.org